CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ ઓક્ટોબર ૨૦૨૪, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, આસો સુદ ૧

વર્ષ : ૧૬
અંક : ૯૪

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**પીએમ મોદીએ બાળકો સાથે કચરો વાળ્યો** | હું તમને બધાને વિનંતી કરું છું કે તમે તમારી આસપાસ સ્વચ્છતા સંબંધિત અભિયાનનો ભાગ બનો : મોદી

# સ્વચ્છ ભારત મિશન જેટલું સફળ થશે એટલો દેશ ચમકશે : પીએમ મોદી







| (એજન્સી) નવી દિલ્હી,તા.૨ | વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો હતો. તેમણે દિલ્હીમાં શાળાના બાળકો સાથે ફ્લોર સાફ કર્યો. આ પ્રસંગે વડાપ્રધાને લોકોને સ્વચ્છતા અભિયાનમાં ભાગ લેવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે હું તમને બધાને વિનંતી કરું છું કે તમે આજે તમારી આસપાસ સ્વચ્છતા સંબંધિત અભિયાનનો ભાગ બનો. તમારી આ પહેલ 'સ્વચ્છ ભારત'ની ભાવનાને વધુ મજબૂત કરશે. સ્વચ્છતા હી સેવા ૨૦૨૪' કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, જે ભારતનું સપનું ગાંધીજી અને દેશની મહાન હસ્તીઓએ જોયું હતું, આવો આપણે સૌ સાથે મળીને એ સપનું પૂરું કરીએ. આજનો દિવસ આપણને આ પ્રેરણા આપે છે. આજે ૨જી ઓક્ટોબરે હું ફરજની ભાવનાથી ભરપૂર છું અને એટલો જ ભાવુક પણ છું. આજે સ્વચ્છ ભારત મિશનની સફર ૧૦ વર્ષના સીમાચિહ્ન પર પહોંચી ગઈ છે. કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે છેલ્લા પખવાડિયામાં દેશભરમાં કરોડો લોકોએ 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમોમાં ભાગ લીધો છે. મને જાણ કરવામાં આવી છે કે 'સેવા પખવાડા'ના ૧૫ દિવસમાં દેશભરમાં ૨૭ લાખથી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨૮ કરોડથી વધુ લોકોએ ભાગ લીધો હતો. સતત પ્રયત્નોથી જ આપણે આપણા ભારતને સ્વચ્છ બનાવી શકીશું. હું દરેક ભારતીયનો આભાર વ્યક્ત કરું છું. કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે આજે આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન પર, સ્વચ્છતા સંબંધિત લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ પણ શરૂ કરવામાં આવ્યા છે. મિશન અમૃત અંતર્ગત દેશના અનેક શહેરોમાં વોટર અને સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે. નમામિ ગંગે સંબંધિત કામ હોય કે કચરામાંથી બાયોગેસ બનાવતા ગોબરધન પ્લાન્ટ, આ કામ સ્વચ્છ ભારત મિશનને નવી ઊંચાઈએ લઈ જશે. સ્વચ્છ ભારત મિશન જેટલું સફળ થશે તેટલો જ આપણો દેશ ચમકશે. પીએમ મોદીએ સ્વચ્છતા મિશનમાં ભાગ લેનાર સ્વચ્છતા કાર્યકરો, ધાર્મિક નેતાઓ, પ્લેયર્સ, સેલિબ્રિટીઝ, એનજીઓ સહિત તમામ લોકોની પ્રશંસા કરી હતી.

## ન્યૂઝ બ્રિફ

### કંગનાએ લખ્યું છે, દેશના પિતા નહીં દેશના તો લાલ હોય છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨ | દેશ આજે મહાત્મા ગાંધીની જયંતી મનાવી રહ્યું છે. આજે જ ભારતના પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની જયંતી પણ છે. આ અવસરે પીએમ મોદી સહિત ઘણા નેતાઓએ બાપુ અને લાલ બહાદુર શાસ્ત્રીને શ્રદ્ધાંજલિ આપી છે. કંગનાએ આ અવસરે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ કરી છે. કંગનાએ લખ્યું છે, ''દેશના પિતા નહીં દેશના તો લાલ હોય છે. ધન્ય છે માતા ના આ લાલ' આની નીચે કંગનાએ લાલ બહાદુર શાસ્ત્રીની તસવીર પોસ્ટ કરતાં લખ્યું છે, 'જય જવાન, જય કિસાનના ઉદ્‌ઘોષક પૂર્વ વડાપ્રધાન ભારત રત્ન લાલ બહાદુર શાસ્ત્રીજી જયંતી પર શત શત નમન.' આ પોસ્ટની આગામી સ્લાઈડ પર કંગનાએ એક વીડિયો મેસેજમાં લખ્યું છે, 'સ્વચ્છતા પણ એટલી જ જરૂરી છે જેટલી આઝાદી, મહાત્મા ગાંધીજીની જયંતી પર તેમના આ દ્રષ્ટિકોણને આગળ લઈ જઈ રહ્યા છે આપણા વડાપ્રધાનજી.'

### ૧ ટ્રિલિયન ડોલરની બનશે ભારતની ડિજિટલ અર્થવ્યવસ્થા

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨ | દેશમાં ડિજિટલ યુગની સાથે સાથે છેલ્લા કેટલાક વર્ષોમાં નાણાકીય પરિસ્થિતિમાં પણ બદલાવ આવ્યો છે. છેલ્લા એક દાયકામાં ભારતની અર્થવ્યવસ્થા ઘણી આગળ આવી છે. આસ્ક કૈપિટલ દ્વારા હાલમાં એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો જેમાં જણાવવામાં આવ્યું કે ભારતમાં સસ્તી ૪જી અને ૫જી સેવાને કારણે ૨૦૨૮માં ભારતની અર્થવ્યવસ્થા $1 ટ્રિલિયન બની જશે. ભારતમાં હાલનો સમય એક ઉદાહરણ ગણી શકાય કે કેવી રીતે ડિજિટલ ક્ષેત્રે આપણે આગળ વધી રહ્યા છીએ. છેલ્લા અમુક વર્ષોમાં UPI જેવી પેમેન્ટ સિસ્ટમ ઘણી જ વિકસિત થઈ છે. જેથી ભારતમાં આ ડિજિટલ પરિવર્તન આર્થિક વિકાસ માટે ગેમ ચેન્જર સાબિત થશે.

**ઈઝરાયલ-ઈરાન યુદ્ધ અંગે ભારતનું પહેલું નિવેદન**

## અમે પશ્ચિમ એશિયામાં સુરક્ષા સ્થિતિ બગડવાથી ખૂબ જ ચિંતિત છીએ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨ | ઈરાનના ઈઝરાયલ પર મિસાઈલ એટેક અને બાદમાં વળતા પ્રહાર રૂપે ઈઝરાયલ વડાપ્રધાન નેતન્યાહૂ તરફથી આપવામાં આવેલી ધમકીએ પશ્ચિમ એશિયામાં મોટું યુદ્ધ શરૂ કરી દીધું છે. જોકે, આ મામલે હવે હવે ભારતે પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. પશ્ચિમ એશિયાની હાલત પર ભારતીય વિદેશ મંત્રાયલયે વાતચીત અને વ્યૂહનીતિના મુદ્દાને ઉકેલવાની અપીલ કરી છે. ભારતીય વિદેશ મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું કે, અમે પશ્ચિમ એશિયામાં સુરક્ષા સ્થિતિ બગડવાથી ખૂબ ચિંતિત છીએ અને તમામ સંબંધિત પક્ષોને સંયમ અને નાગરિકોની સુરક્ષાના આહ્વાનને પુનરાવર્તિત કરીએ છીએ. અમે વિનંતી કરીએ છીએ કે તમામ મુદ્દાઓ વાતચીત અને વ્યૂહનીતિના માધ્યમથી ઉકેલવામાં આવે.' ભારતીય વિદેશ મંત્રાલયે આ તણાવને લઈને કહ્યું, 'અમે પશ્ચિમ એશિયામાં વધતા તણાવને લઈને ચિંતિત છીએ. અમે આ વિસ્તારોમાં પોતાના નાગરિકોની રક્ષા કરવા માટે તત્પર છીએ. પશ્ચિમ એશિયામાં આશરે ૯૦ લાખ ભારતીયો રહે છે. તેમની સુરક્ષા અમારી પ્રાથમિકતા છે અને તે વાતચીતથી જ સંભવ છે. કોઈપણ વિવાદનો વ્યૂહનીતિથી ઉકેલ લાવવો જોઈએ. જરૂરી છે કે, આ વિવાદ મોટું રૂપ ન લે, નહીંતર આખા વિસ્તાર પર તેની વિપરિત અસર થશે. તેથી સંપૂર્ણ વિવાદનો ઉકેલ સંવાદ અને વ્યૂહનીતિથી લાવવામાં આવે.'

આ પહેલા પણ ભારત સરકાર નાગરિકો માટે એડવાઈઝરી રજૂ કરી ચૂકી છે. જેમાં જણાવાયું હતું કે, ભારતીયોએ ઈરાન જવાનું ટાળવું અને લેબેનોન તેમજ ઈઝરાયલમાં પણ સુરક્ષિત જગ્યાએ રહેવાની સલાહ આપવામાં આવી છે. બિનજરૂરી કામ માટે બહાર ન નીકળવાની તેમજ બિનજરૂરી યાત્રાઓ રદ કરવાની સલાહ આપી છે. આ સિવાય ભારત સરકારે જે લોકો ઈરાનમાં રહે છે તેમને સલાહ આપી હતી કે, સાવધાનીથી રહેવું અને બિનજરૂરી યાત્રા ટાળવી. તેમજ કોઈપણ મુશ્કેલીની સ્થિતિમા તુરંત ભારતીય દૂતાવાસનો સંપર્ક કરવો. નોંધનીય છે કે, ઈરાનમાં લગભગ ૪ હજાર ભારતીય છે, જેમાં વિદ્યાર્થી, શિક્ષક અને નાના વેપારીઓનો સમાવેશ થાય છે. ઈરાન તરફથી ઈઝરાયલ પર મિસાઈલ એટેક બાદ તણાવની સ્થિતિ ઉભી થી છે. જેથી દિલ્હીમાં ઈઝરાયલના દૂતાવાસની સુરક્ષા વધારી દેવામાં આવી છે. અબ્દુલ કલામ રોડને બેરિકેડ લગાવીને બંધ કરી દેવાયો છે. તેમજ દિલ્હી પોલીસની ગાડીઓ સાથે સુરક્ષા વધારી દેવામાં આવી છે. ઈરાનના હુમલા બાદ બ્રિટનને પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. બ્રિટનના રક્ષા પ્રમુખનું કહેવું છે કે, બ્રિટનની સેનાએ ઈરાનના મિસાઈલ હુમલાની નિષ્ફળ કરવામાં ઈઝરાયલની મદદ કરી. એક્સ પર લખતા રક્ષા સચિવ જૉન હિલીએ કહ્યું કે, બ્રિટીશ સેનાએ મિડલ ઈસ્ટમાં મધ્ય પૂર્વમાં પોતાની ભૂમિકા ભજવી છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે કહ્યું કે, બ્રિટન ઈઝરાયલના આત્મરક્ષાના અધિકારોનું સમર્થન કરે છે. ઈરાને લાંબા સમયથી મધ્યપૂર્વને જોખમમાં મૂકી દીધું છે.

**૨૦૦૦ કરોડનું કોકેઈન જપ્ત**

## દિલ્હીમાં ઈન્ટરનેશનલ ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨ | દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલને આજે બુધવારે મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. સ્પેશિયલ સેલે ઈન્ટરનેશનલ ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે અને ૫૦૦ કિલોથી વધુના કોકેઈનની રિકવર કરી છે તેમજ આ રેકેટમાં સામેલ ૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. કોકેઈનના આ મોટા કન્સાઈનમેન્ટની કિંમત ૨ હજાર કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે

દિલ્હી પોલીસે કહ્યું કે, ૨૦૦૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. રાજધાની દિલ્હીમાં અત્યાર સુધીની આ સૌથી મોટી ડ્રગ્સ રિકવરી છે. મળતી માહિતી મુજબ, દક્ષિણ દિલ્હીના દરોડા પછી ચારેય આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, કોકેઈનના આ મોટા કન્સાઈનમેન્ટ પાછળ આંતરરાષ્ટ્રીય ડ્રગ સ્મગલિંગ ગેંગનો હાથ છે. દિલ્હી પોલીસની આ કાર્યવાહી ડ્રગ્સની દાણચોરી વિરુદ્ધ ચાલી રહેલા અભિયાનનો એક ભાગ છે, જેમાં દિલ્હી પોલીસ આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછ કરી રહી છે, જેમાં ઘણા ખુલાસા થવાની સંભાવના છે.

**ધમકીથી પોલીસમાં ખળભળાટ**

## રાજસ્થાનના ઘણા રેલવે સ્ટેશનોને બૉંબથી ઉડાવી દેવાની મળી ધમકી

| (એજન્સી) જયપુર,તા.૨ | રાજસ્થાનના ઘણા રેલવે સ્ટેશનોને બૉંબથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ પોલીસ અને પ્રશાસનમાં ખળભળાટ મચી ગયો છે. રેલવે સ્ટેશનો પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. એક અજાણ્યા વ્યક્તિએ હનુમાનગઢ જંકશનના સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટને રેલવે સ્ટેશનોને ઉડાવી દેવાની ધમકી આપતો પત્ર મળ્યો હતો. આ પત્રમાં રેલવે સ્ટેશનોને વિસ્ફોટકોથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. GRP સ્ટેશનમાં અજાણ્યા લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. ASP પ્યારેલાલ મીનાએ ઘટનાની પુષ્ટિ કરી છે અને ખાતરી આપી કે જાહેર જનતાની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવામાં આવ્યા છે. હકીકતમાં, મંગળવારે એક અજાણ્યા વ્યક્તિએ હનુમાગઢ રેલવે સ્ટેશનના સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટને એક પત્ર સોંપ્યો અને ત્યાંથી નીકળી ગયો. જ્યારે સ્ટેશન સુપ્રિટેન્ડેન્ટે પત્ર ખોલીને વાંચ્યો તો તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. આ પત્ર જૈશ-એ-મોહમ્મદ આતંકવાદી સંગઠનના નામે હતો.

**૬ ઓક્ટોબરે થશે ભારત-પાકિસ્તાનનો મુકાબલો**

## 3 ઓક્ટોબરથી શરૂ થશે વૂમન ટી૨૦ વર્લ્ડ કપ

### યુએઈમાં 3 થી ૨૦ ઓક્ટોબર સુધી ચાલનારા વૂમન વર્લ્ડ કપમાં કુલ ૧૦ ટીમો ભાગ લઈ રહી છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨ | વૂમન ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ છેલ્લા ઘણા મહિનાઓથી ચર્ચાનો વિષય છે. અગાઉ આ ટુર્નામેન્ટ બાંગ્લાદેશમાં યોજાવાની હતી, પરંતુ ત્યાં વિદ્યાર્થીઓના વિરોધ બાદ વર્લ્ડ કપની યજમાની યુએઈને સોંપવામાં આવી હતી. ૩ થી ૨૦ ઓક્ટોબર સુધી ચાલનારા વૂમન વર્લ્ડ કપમાં કુલ ૧૦ ટીમો ભાગ લઈ રહી છે. અહીં જાણો ભારતીય ટીમ તેની પ્રથમ મેચ ક્યારે રમશે અને કઈ ટીમો સાથે તેને કયા ગ્રુપ માં રાખવામાં આવી છે.

વૂમન T20 વર્લ્ડ કપ ૩ ઓક્ટોબરથી શરૂ થશે. ટૂર્નામેન્ટની પ્રથમ મેચ બાંગ્લાદેશ અને સ્કોટલેન્ડ વચ્ચે ૩ ઓક્ટોબરે રમાશે. આ જ દિવસે બીજી મેચ પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચે રમાશે. ભારતને પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને શ્રીલંકા સાથે ગ્રુપ છમાં રાખવામાં આવ્યું છે. બીજા ગ્રુપમાં બાંગ્લાદેશ, સ્કોટલેન્ડ, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝનો સમાવેશ થાય છે. ભારતની પ્રથમ મેચ ૪ ઓક્ટોબરે ન્યૂઝીલેન્ડ સાથે થશે. ૬ ઓક્ટોબરે રમાનારી ભારત-પાકિસ્તાન મેગા મેચ ક્રિકેટ જગતને મંત્રમુગ્ધ કરવા આતુર હશે. ટીમ ઈન્ડિયા ૯ ઓક્ટોબરે શ્રીલંકા સામે રમશે અને ગ્રુપ સ્ટેજમાં તેની છેલ્લી મેચ ૧૩ ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા સામે થશે.

૪ ઓક્ટોબર – ભારત સામે ન્યુઝીલેન્ડ
૬ ઓક્ટોબર - ભારત વિરુદ્ધ પાકિસ્તાન
૯ ઓક્ટોબર - ભારત વિરુદ્ધ શ્રીલંકા
૧૩ ઓક્ટોબર - ભારત બનામ ઓસ્ટ્રેલિયા

ભારતીય પુરૂષ ટીમે ૨૦૨૪માં T20 વર્લ્ડ કપ જીત્યો છે, તેથી મહિલા ટીમ પણ ટ્રોફી જીતવાના ઈરાદા અને વધેલા મનોબળ સાથે મેદાનમાં ઉતરશે. જ્યારે પુરૂષ ટીમ બે વખત T20 વર્લ્ડ કપ વિજેતા બની છે, જ્યારે મહિલા ટીમ આજ સુધી ક્યારેય ટૂંકા ફોર્મેટમાં વર્લ્ડ કપ જીતી શકી નથી. મહિલા T20 વર્લ્ડ કપમાં કુલ ૮ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે, પરંતુ ટીમ ઈન્ડિયાએ આજ સુધી એક વખત પણ ટ્રોફી નથી જીતી. ભારત પણ માત્ર એક જ વાર ફાઈનલમાં પહોંચ્યું હતુ અને તે તે સમયે તે ઓસ્ટ્રેલિયા સામે હારી ગયું હતું, જે છેલ્લા ત્રણ વખતથી ચેમ્પિયન છે.

**૨ પાયલોટ સહિત ૩ લોકોએ જીવ ગુમાવ્યા**

## પુણેના બાવધન બુદ્રુક વિસ્તારમાં સવારે એક હેલિકોપ્ટર ક્રેશ થયું

| (એજન્સી) પુણે, તા.૨ | પુણેના બાવધન બુદ્રુક વિસ્તારમાં બુધવારે સવારે એક હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં ત્રણ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે. આ વિસ્તાર પુણે-બેંગ્લોર હાઈવેથી થોડે દૂર છે. અહીં એક ટેકરી પર ઓક્સફર્ડ કાઉન્ટી રિસોર્ટ છે. આ હેલિકોપ્ટરે આજે સવારે અહીંના હેલિપેડ પરથી ઉડાન ભરી હતી. કહેવામાં આવી રહ્યું છે કે પહાડી વિસ્તારમાં ધુમ્મસના કારણે હેલિકોપ્ટર ક્રેશ થયું છે. દુર્ઘટના બાદ તરત જ હેલિકોપ્ટરમાં આગ લાગી હતી. અને તેમાં સવાર ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. અકસ્માતનું સ્થળ ઓક્સફર્ડ કાઉન્ટીમાં બાવધન બુદ્રુક હતું અને ૐ.ઈ.સ.ઈ.ન.નો વિસ્તાર જણાવવામાં આવી રહ્યો છે. આ ખીણમાં હેલિકોપ્ટર ક્રેશ થયું છે, તે ખૂબ જ નિર્જન વિસ્તાર છે. જ્યાં હેલિકોપ્ટર ક્રેશ થયું તે વિસ્તાર હિંજેવાડી પોલીસના કંટ્રોલ રૂમ હેઠળ આવે છે. દુર્ઘટનાની માહિતી મળ્યા બાદ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમ, પોલીસ અને અન્ય એજન્સીઓ બચાવ કામગીરી માટે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જોકે, આ ભયાનક દુર્ઘટનામાં પાઈલટ અને હેલિકોપ્ટરમાં સવાર અન્ય બેનાં પણ મોત નીપજ્યાં હતાં. હજુ સુધી મૃતકની ઓળખ થઈ શકી નથી. સૂત્રના જણાવ્યા અનુસાર, આ રિસોર્ટમાં અમીર લોકો હરવા-ફરવા માટે આવે છે. પુણેથી સીધા રિસોર્ટ આવવા માટે એક હેલિપેડ બનાવવામાં આવ્યું છે.

### ખેડામાં અખાદ્ય મરી બનાવનારા પર ફૂડ ડિપાર્ટમેન્ટ ત્રાટક્યું

| ખેડા, તા.૨ | રાજ્યમાં ભોજનમાંથી તો અખાદ્ય પદાર્થો મળતા જ હતા, પરંતુ હવે તો રીતસર અખાદ્ય પદાર્થોની ફેક્ટરીઓ ઝડપાવવા લાગી છે. રાજકોટમાં નકલી પનીર અને ચીઝની ફેક્ટરીઓ અને બનાવટ પકડાઈ હતી હવે તેવી રીતે મરીમસાલા પણ નકલી બનવા લાગ્યા છે. ગરમ મસાલાના આવા જ ડુપ્લિકેટ પેકેટ મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. ખેડામાં અખાદ્ય કાળા મરીનું ઉત્પાદન કરતું કારખાનું મળી આવ્યું છે.

**કાનપુરમાં ટ્રેન ઉથલાવવાનું કાવતરું**

## ટ્રેન ઉથલાવવાના કાવતરામાં સિલિન્ડરનો કબજો લઈને તપાસ શરૂ કરવામાં આવી

| (એજન્સી) કાનપુર,તા.૨ | કાનપુર દેહાતના અબિન્યાપુર રેલ્વે સ્ટેશન પાસે ડાઉન રેલ્વે ટ્રેક પર હવે બુધવારે સવારે એક ફાયર ફાઈટીંગ ગેસ સિલિન્ડર પડેલો જોવા મળ્યો હતો. ઈટાવાથી કાનપુર જઈ રહેલી માલગાડીના ડ્રાઈવરે સ્ટેશન માસ્ટરને આ અંગે જાણ કરી હતી. જેના કારણે અરાજકતા સર્જાઈ હતી. જીઆરપી ચોકીના ઈન્ચાર્જ ઘટનાસ્થળે પહોંચ્યા અને સિલિન્ડરનો કબજો લઈને તપાસ શરૂ કરી હતી. મળતી માહિતી મુજબ, ઈટાવાથી કાનપુર તરફ જતી ES-6 માલસામાન ટ્રેનના ડ્રાઈવરે અંબિયાપુર સ્ટેશનના ડાઉન પ્લેટફોર્મ ફોર્મ પાસે થાંભલા નંબર ૧૦૭૦/૧૮ની વચ્ચે રેલ્વે ટ્રેક પર ફાયર ફાઈટિંગ સિલિન્ડર પડેલું જોયું હતું. આ અંગે ડ્રાઈવરે વોકી ટોકી દ્વારા સ્ટેશન માસ્તર અંબિયાપુર નૌશાદ આલમને જાણ કરી હતી. માહિતી મળતા જ રેલવે કર્મચારીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. સ્ટેશન માસ્તર અંબિયાપુરે તરત જ વરિષ્ઠ અધિકારીઓ તેમજ જીઆરપી ઝીંઝકને આની જાણ કરી હતી. આ અંગે જાણવા મળતા જીઆરપી ચોકીના ઈન્ચાર્જ ઝિંઝક અર્પિત તિવારી, આરપીએફ સ્ટેશન ઈન્ચાર્જ રજનીશ રાય અને આરપીએફ ચોકીના ઈન્ચાર્જ રૂરા ખજન સિંહ ઘટનાસ્થળે પહોંચ્યા અને ટ્રેક પર પડેલા સિલિન્ડરને કબજે કરીને તપાસ શરૂ કરી હતી.

CMYK

## ગુજરાતના સુપ્રસિદ્ધ અંબાજી તેમજ બહુચરાજી ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

ગુજરાતના ભક્તિ અને આસ્થાના કેન્દ્ર સમાન માતાજીના દેવસ્થાન તથા શક્તિપીઠ ભારતીય હિન્દુ આધ્યાત્મિક પરંપરાના આધાર સ્તંભ છે. નવરાત્રીના પર્વમાં માતાજીના દેવસ્થાન તેમજ શક્તિપીઠ એક અનેરી ઊર્જાની પ્રતીતિ કરાવે છે. માતાજીની આરાધનાના આ પર્વને વધુ ભવ્ય બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા અંબાજી અને બહુચરાજી શક્તિપીઠ સહિત કુલ ૯ દેવસ્થાનો ખાતે નવરાત્રી-સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવનાર છે તેમ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ ગાંધીનગરની યાદીમાં જણાવ્યું છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી મુળુ બેરાના નેતૃત્વમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલા સુપ્રસિદ્ધ અંબાજી શક્તિપીઠ ખાતે આગામી તા.૩જી થી ૧૧મી ઓક્ટોબર અને મહેસાણા જિલ્લાના બહુચરાજી શક્તિપીઠ ખાતે તા.૩જી થી ૧૨મી ઓક્ટોબર દરમિયાન નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યમાં માતાજીના અન્ય ૭ દેવસ્થાન ખાતે પણ એક દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત દેવભૂમિ દ્વારકાનાં શ્રી હરસિદ્ધ માતા મંદિર ખાતે તા.૪ ઓક્ટોબર, મહેસાણા જિલ્લાના શ્રી ઉમિયા માતા મંદિર-ઊંઝા તથા કચ્છના શ્રી આશાપુરા માતાજીના મઢ ખાતે તા.૫ ઓક્ટોબર, પંચમહાલના શ્રી મહાકાળી મંદિર-પાવાગઢ ખાતે તા.૭ ઓક્ટોબર, અમદાવાદના શ્રી ભદ્રકાલી મંદિર ખાતે તા.૮ ઓક્ટોબર, સુરેન્દ્રનગરના શ્રી ચામુંડા માતા મંદિર-ચોટીલા તથા મહેસાણાના શ્રી મોઢેશ્વરી માતા મંદિર-મોઢેરા ખાતે તા.૯ ઓક્ટોબરના રોજ નવરાત્રી પર્વ નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.ગુજરાતનાં તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં શરૂ કરવામાં આવેલ 'વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ' આજે એક વિશેષ ઓળખ બની ચૂક્યો છે. દેશ-દુનિયામાં જાણીતા અને ગુજરાતના ગૌરવ સમાન ગરબા આજે વૈશ્વિક ઓળખ બન્યા છે, ત્યારે યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબાને 'સાંસ્કૃતિક વિરાસત' પણ જાહેર કરવામાં આવ્યો છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે તેમજ મુખ્યમંત્રીની વિશેષ ઉપસ્થિતિમાં વાયબ્રન્ટ નવરાત્રી ફેસ્ટિવલનું શુભારંભ કરાશે

### વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં છેલ્લા બે વર્ષમાં મુલાકાતીઓની સંખ્યામાં ૧૧ ટકાનો વધારો

। અમદાવાદ, તા.૨ ।

ગુજરાતને જેને ગ્લોબલ ઓળખ અપાવી છે તેવા ગરબાના ઉત્સવને ઘામધૂમથી ઉજવવા માટે દર વર્ષે વાયબ્રન્ટ નવરાત્રી ફેસ્ટીવલ ઉજવવામાં આવે છે. આ વર્ષે અમદાવાદના GMDC ખાતેથી તા. ૦૩ ઓક્ટોબરે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે તેમજ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં 'વાયબ્રન્ટ નવરાત્રી ફેસ્ટિવલ-૨૦૨૪'નું શુભારંભ કરાશે. મુખ્યમંત્રીશ્રીની સાથે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા તથા ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી પણ



ઉપસ્થિત રહેશે. વર્ષ-૨૦૨૨માં ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા -GMDC અમદાવાદ, ખાતે આયોજિત 'વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ'માં અંદાજિત ૧૧.૫૨ લાખથી વધુ નાગરિકોએ મુલાકાત લીધી હતી, જ્યારે વર્ષ-૨૦૨૩માં ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા GMDC, અમદાવાદ ખાતે આયોજિત વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં અંદાજિત ૧૨.૭૧ લાખથી વધુ નાગરિકોએ મહોત્સવ સ્થળની મુલાકાત લીધી હતી, એટલે કે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા આયોજિત વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં છેલ્લા બે વર્ષમાં મુલાકાતીઓની સંખ્યામાં અંદાજિત ૧૧ ટકાનો વધારો જોવા મળ્યો હતો તેમ, પ્રવાસન વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે. વધુમાં આ વર્ષે 'વાયબ્રન્ટ નવરાત્રી ફેસ્ટિવલ-૨૦૨૪'ના ઉદઘાટન સમારોહ દરમિયાન 'જય માં આદ્યાશક્તિ'ની થીમ પર મલ્ટિમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહા આરતી યોજાશે. આ ઉપરાંત તા. ૪ થી ૧૧ ઓક્ટોબર દરમિયાન રાત્રે ૯ વાગ્યાથી ૧૧.૪૫ કલાક સુધી ગુજરાતના પ્રસિદ્ધ કલાકારો-ગાયકો દ્વારા અનેક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવશે.

### જૂની એમ્બ્યુલન્સને તબદીલ કરીને આ ૧૦૦ નવી એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવી

# ૧૦૦ નવી ૧૦૮ એમ્બ્યુલન્સ સાથે ગુજરાતના નાગરિકોની આરોગ્ય સેવામાં થયો વધારો

### ઋષિકેશ પટેલે આરોગ્ય વિભાગના ICU ઓન વ્હીલ્સ માટેના નવા ૩૮ વાહનોનું તેમજ ફૂડ સેફટી ઓન વ્હીલ્સની ૧૦ નવી મોબાઈલ ટેસ્ટિંગ વાનનું પણ લોકાર્પણ કર્યું હતું

। ગાંધીનગર, તા.૨ ।

ગુજરાતના નાગરિકોની આરોગ્ય સેવામાં વધારો કરતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગાંધીનગર ખાતેથી ૧૦૦ નવી '૧૦૮ એમ્બ્યુલન્સ'ને ફ્લેગઓફ આપી પ્રસ્થાન કરાવી નાગરિકોની સેવામાં કાર્યરત કરી હતી. સાથે જ, મંત્રી શ્રી ઋષિકેશ પટેલે આરોગ્ય વિભાગના ICU ઓન વ્હીલ્સ માટેના નવા ૩૮ વાહનોનું તેમજ ફૂડ સેફટી ઓન વ્હીલ્સની ૧૦ નવી મોબાઈલ ટેસ્ટિંગ વાનનું પણ લોકાર્પણ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં અત્યારે ૮૦૦ જેટલી '૧૦૮ એમ્બ્યુલન્સ' કાર્યરત છે. જેમાં જૂની એમ્બ્યુલન્સને તબદીલ કરીને આ ૧૦૦ નવી એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવી છે. જ્યારે, નવી ૩૮ ICU ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ કાર્યરત થતા, હવે રાજ્યભરમાં ૮૩૮ જેટલી એમ્બ્યુલન્સ નાગરિકોની આરોગ્યલક્ષી સેવામાં કાર્યરત થશે. આ ઉપરાંત ગુજરાતમાં હાલ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ફૂડ સેફટી ઓન વ્હીલ્સની ૨૨ મોબાઈલ ટેસ્ટીંગ વાન કાર્યરત છે. કેન્દ્ર સરકાર દ્વારા વધુ ૧૦ વાહનોની ફાળવણી કરવામાં આવતા હવે ગુજરાતમાં ૩૨ જેટલી ફૂડ સેફટી ઓન વ્હીલ્સની મોબાઈલ ટેસ્ટીંગ વાન કાર્યરત થશે. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરુ કરેલી આરોગ્યલક્ષી ૧૦૮ ઈમરજન્સી સેવાનું માળખું આજે અન્ય રાજ્યો માટે એક આદર્શ મોડલ તરીકે પ્રસ્થાપિત થયું છે. ૧૦૮ સેવાના વ્યાપ તેમજ એમ્બ્યુલન્સ વાહનોની કાર્યક્ષમતા અને ગુણવતા વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૯ કરોડથી વધુના ખર્ચે નવી ૧૩૮ જેટલી એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવી છે.

### એજન્ટની ઓફિસે સર્ચ કરતા અઢળક દસ્તાવેજો મળી આવ્યા

# મહેસાણાના દંપતીના પાસપોર્ટમાં ચેડાં કરનાર એજન્ટ સહિત ત્રણ વિરુદ્ધ ફરિયાદ

### પરિવારને આર્થિક સદ્ધરતા મળી રહે તે દંપતીએ વર્ષ ૨૦૧૪માં અમેરિકા જવાનું સપનું સેવ્યું હતું

। (એજન્સી) મહેસાણા, તા.૨ ।

મહેસાણામાં રહેતા અને દરજી કામ કરતા દંપતીને અમેરિકા જવાના સપના પર પાણી ફરી વળ્યું છે. ગામના જ એક વ્યક્તિએ અમેરિકા મોકલી આપવાનું કહીને અમદાવાદના આશ્રમ રોડ પાસે આવેલી સ્કાય લેન્ડ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના એજન્ટ સાથે ભેટો કરાવ્યો અને એજન્ટે દંપતીના પાસપોર્ટ પરથી બનાવટી પાસપોર્ટ બનાવ્યા અને તેમાં જુદા-જુદા દેશોના સ્ટેમ્પ લગાવીને રૂ. ૩૫ લાખ ખંખેરી લીધા હોવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે ગાંધીનગર CID ક્રાઈમે ત્રણ વ્યક્તિઓ વિરુદ્ધ ઠગાઈની ફરિયાદ નોંધીને તપાસ શરુ કરી છે. મહેસાણા જિલ્લાના સાંગણપુર ગામમાં રહેતા લાલજીભાઈ દરજી (ઉં.૫૦) અને તેમની પત્ની હસુમતીબેન દરજી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારને આર્થિક સદ્ધરતા મળી રહે તે દંપતીએ વર્ષ ૨૦૧૪માં અમેરિકા જવાનું સપનું સેવ્યું હતું. લાલજીભાઈએ તેમના ગામમાં રહેતા જિતેન્દ્ર પ્રજાપતિને વાત કરતા તેમણે અમદાવાદમાં જગદીશ પટેલ કે જેઓ સ્કાય ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સનો ધંધો કરે છે તે અમેરિકાનું પણ કામ કરે છે. તે વિઝા અપાવી આપશે તેવી વાત કરી હતી. ત્યારબાદ લાલજીભાઈએ પોતાના અને પત્નીના પાસપોર્ટ સહિતની વિગતો જિતેન્દ્ર પ્રજાપતિને આપી હતી. જિતેન્દ્ર પ્રજાપતિએ તેમના મળતિયા અને આખજ ગામના વતની એવા જીવાભાઈ ગાંડાભાઈને વાત કરી હતી. ત્યારબાદ ફેબ્રુઆરી ૨૦૧૪માં લાલજીભાઈ, જિતેન્દ્ર પ્રજાપતિ અને જીવાભાઈ ગાંડાભાઈ ત્રણેય સ્કાય ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સની ઓફિસ આશ્રમ રોડ પર આવેલી છે ત્યાં એજન્ટ જગદીશ ભાઈ પટેલને મળવા માટે ગયા હતા. એજન્ટે અમેરિકા મોકલી આપશે પરંતુ રૂપિયા ૩૫ લાખ થશે તેમ કહીને લાલજીભાઈ અને તેમની પત્ની હસુમતી બેનના પાસપોર્ટ, એલસી, માર્કશીટ, ચૂંટણી કાર્ડ, પાનકાર્ડ તથા પાસપોર્ટ સાઈઝના ફોટા લઈ લીધા હતા. બાદમાં થોડા મહિના બાદ દંપતીને ઓફિસે બોલાવીને અમેરિકા એમ્બેસીમાં જે સવાલો પૂછવામાં આવતા હોય છે. તેની ટ્રેનિંગ એક અઠવાડિયા સુધી દંપતીને આપવામાં આવી હતી.

## કપડવંજમાં હોમગાર્ડના બે કર્મચારીઓ લાંચ લેતાં ઝડપાયા

। નડિયાદ, તા.૨ ।

કપડવંજમાં સાર્જન્ટ હોમગાર્ડ પ્લાટુંન સર્જન્ટ અને ઇન્ચાર્જ ઓફિસર સહિત અન્ય એક કર્મચારી હોમગાર્ડના જવાનોને નોકરી પર ડ્યુટી માટે રાખવા સંદર્ભે લાંચ માંગતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. આ બાબતે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મનિષકુમાર જયંતીભાઈ ઝાલા જે હોમગાર્ડ પ્લાટુન સાર્જન્ટ તથા ઈન્ચાર્જ ઓફીસર, કપડવંજ યુનીટ, જી. ખેડા રહે. ગામ મોટા રામપુર, તા. કપડવંજ ખાતે રહે છે. જ્યારે નરેન્દ્રકુમાર રયજીભાઈ ઝાલા, હોમગાર્ડ પ્લાટુન સાર્જન્ટ, કપડવંજ યુનીટ, જી. ખેડા હાલ મકાન નં. : ૩૭, યોગીનગર સોસાયટી, ડાકોર રોડ, કપડવંજ ખાતે રહે છે.

### સ્વચ્છતા હી સેવા

# ઝુંબેશ અંતર્ગત વિવિધ કાર્યક્રમોમાં શ્રેષ્ઠ સહભાગીતા બદલ ધોળકાનું શ્રેષ્ઠ તાલુકા તરીકે કરાયું સન્માન

### સફાઈ મિત્ર શિબીરોમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ ધોળકા તાલુકાને સફાઈ મિત્રોની સુખાકારીમાં શ્રેષ્ઠ ભૂમિકા ભજવવા બદલ પ્રશસ્તિપત્ર એનાયત કરાયું

। અમદાવાદ, તા.૨ ।

ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે અમદાવાદના પંડિત દિન દયાળ ઓડિટોરિયમ ખાતે આયોજિત 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી બળવંત સિંહ રાજપૂત તથા ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત કાર્યક્રમમાં સ્વચ્છતાના ધ્યેયોને સાકાર કરવા માટે સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ ઝુંબેશ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમોમાં શ્રેષ્ઠ સહભાગીતા બદલ સમગ્ર અમદાવાદ જિલ્લામાંથી ધોળકા તાલુકાને સન્માનિત કરવામાં આવ્યો હતો. સાથોસાથ આ ઝુંબેશ હેઠળ સફાઈ




મિત્ર શિબીરોમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ પણ ધોળકા તાલુકાને સફાઈ મિત્રોની સુખાકારીમાં શ્રેષ્ઠ ભૂમિકા ભજવવા બદલ પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધોળકા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી રંજનબહેન ચૌહાણ તથા ધોળકા તાલુકા વિકાસ અધિકારીશ્રી બીપીન પરમારને મંત્રીશ્રીઓના વરદ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નર શ્રી થેન્નારસન, કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી. કે. તથા ડીડીઓશ્રી વિદેહ ખરે, સાંસદ સભ્યશ્રી અને ધારાસભ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## નવરાત્રિમાં ચામુંડા માતાના મંદિરના દર્શનના સમયમાં ફેરફાર કરાયો

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨ ।

સુરેન્દ્રનગરમાં પવિત્ર યાત્રાધામ ચોટીલામા ચામુંડા માતાજી ડુંગર ટ્રસ્ટ દ્વારા નવરાત્રિના ૯ દિવસો દરમિયાન દર્શનનાં સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પગથિયાનો દ્વાર, આરતીનો સમય બદલાયો છે તેની મંદિર ટ્રસ્ટે ભક્તોને નોંધ લેવા વિનંતી કરી છે. નવરાત્રિમાં માતાજીના દર્શન કરવા ભક્તો અવશ્ય મંદિર જતા હોય છે, માતાના ચોકમાં ગરબે ઘૂમતા હોય છે. ત્યારે સુરેન્દ્રનગરના ચોટીલામાં આવેલા માં ચામુંડાના મંદિરના સમયમાં થોડો ફેરફાર કરાયો છે. ચામુંડા માતાના મંદિરે ૩ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર સુધી નવરાત્રિના ૯ દિવસ દરમ્યાન પગથિયાના દ્વાર સવારે ૦૪:૩૦ વાગ્યે ખુલશે અને આરતીનો સમય સવારે ૦૫:૦૦ વાગ્યાનો રહેશે. સાંજની આરતી રાબેતા મુજબની રહેશે. ૧૦ ઓક્ટોબર (આઠમના દિવસે) ડુંગર ઉપર હવન કરવામાં આવશે.

# સુરત શહેરના ચાર યુવકોને કોલ્ડ પ્લેની ટિકિટનો શોખ મોંઘો પડ્યો

। (એજન્સી) સુરત, તા.૨ ।

સુરત શહેરના ચાર યુવકોને કોલ્ડ પ્લે ની ટિકિટનો શોખ મોંઘો પડ્યો છે. તેઓ તેની ટિકિટોને લઈને સાઈબર ગઠિયાનો શિકાર થયા છે. આ શોની ટિકિટો મળતી ન હોવાથી સાઈબર ગઠિયાઓની ટુકડી મેદાનમાં ઉતરી ગઈ છે અને તેના કોલ્ડ પ્લેના શોખીનોને નિશાન બનાવી રહી છે. એક તરફ શહેરના ચાર યુવાનને શોની ટિકિટ મળતી નહોતી, તો બીજી તરફ સરળતાથી ટિકિટ મળવાના લોભમાં સુરતના યુવાનોએ એક લિંક પર ક્લિક કરી હતી. ટિકિટ મેળવવા જતાં તેમણે ૪ લાખ રૂપિયા ગુમાવી દીધા છે, જેની તપાસ હાલ સુરત પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.બ્રિટિશ રોક બેન્ડ કોલ્ડપ્લેના મુંબઈમાં ત્રણ શો થવાના છે, જેને લઈને દેશભરમાં સંગીતના ચાહકોમાં ભારે ઉત્સાહ છે. શો માણવા માટે ચાહકો ટિકિટ ખરીદવા તલપાપડ છે. આ શો સાયબર છેતરપિંડી કરનારાઓ માટે જાણે આ સોનેરી તક બનીને આવ્યો છે. બ્રિટિશ રોક બેન્ડ કોલ્ડપ્લે માટે ભારતમાં એક અલગ પ્રકારનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. દેશના ખૂણેખૂણેથી યુવાનો મુંબઈ પહોંચવા માગે છે, પરંતુ આ શો માટે ટિકિટ મળતી નથી. આ વચ્ચે સાયબર ફ્રોડ કરનાર એક્ટિવ થઈ ગયા છે. સુરતના ચાર યુવાન આવા લોકોનો શિકાર બન્યા છે. સુરતના વેસુ વિસ્તારમાં રહેતા ચાર યુવક ટિકિટ મેળવવા માટે છેલ્લા ઘણા દિવસોથી પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ જ્યારે પણ તેમણે ઓનલાઈન પ્રયાસ કર્યો ત્યારે તેમને નિરાશા હાથ લાગી અને સાઈટ ક્રેશ જોવા મળી હતી. દરમિયાન તેમને સોશિયલ મીડિયા દ્વારા એક લિંક મળી, જેમાં કોન્સર્ટની ટિકિટ ઉપલબ્ધ છે અને ટૂંક સમયમાં એ ટિકિટ પણ હાઉસફુલ થઈ જશે એવી જાણકારી મળી, જેથી તેમણે તાત્કાલિક આ લિંક પર ક્લિક કરી ટિકિટ બુક કરવા માટેની પ્રોસિજર હાથ ધરી હતી, પરંતુ ચારે યુવાઓએ ટિકિટના એક-એક લાખ રૂપિયા તો આપ્યા, પરંતુ પછીથી ખબર પડી કે તેઓ સાયબર ફ્રોડના શિકાર થઈ ગયા છે. લાખો ગુમાવ્યા ત્યાં સુધી બહુ મોડું થઈ ગયું હતું. આખરે આ અંગે તેમણે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી, જે અંગેની તપાસ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. સુરતના યુવાનો ઓનલાઈન ટિકિટ ખરીદવા ઈન્ટરનેટ પર સર્ચ કરતા હતા.

## વિશેષ

### ગૂજરાત વિદ્યાપીઠમાં પૂજ્ય ગાંધીજીની ૧૫૫મી જન્મ જયંતીની ભવ્ય અને ભાવસભર ઉજવણી : અનેકવિધ કાર્યક્રમોનું આયોજન

# માનવતા અને વિશ્વ કલ્યાણ માટે 'સત્ય' અને 'અહિંસા'નું પૂજ્ય બાપુનું આહ્વાન વિશ્વને સુખના માર્ગે લઈ જશે : આચાર્ય દેવવ્રતજી

। (માહિતી) અમદાવાદ ।

પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૫મી જન્મ જયંતી એ ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, "મેરા જીવન હી મેરા સંદેશ હૈ." પૂજ્ય બાપુનું આ કથન જીવન વ્યવહારમાં ઉતારવાની આવશ્યકતા છે. માનવતા અને વિશ્વ કલ્યાણ માટે 'સત્ય' અને 'અહિંસા' માટેનું તેમનું આહ્વાન વિશ્વને સુખના માર્ગે લઈ જશે.

ગૂજરાત વિદ્યાપીઠમાં ગાંધી જયંતીની ઉજવણી અંતર્ગત અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગાંધી ગ્રામજીવન પદયાત્રાનો શુભારંભ કરાવ્યો હતો. વિદ્યાપીઠના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સેવકો સાથે ૧૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ તારીખ ૨૧ થી ૨૬ ઑક્ટોબર દરમિયાન ગુજરાતના ૧૮,૦૦૦ જેટલા ગામોમાં પદયાત્રા કરશે અને સ્વાસ્થ્ય, સમૃદ્ધિ તથા સંપદાના સંરક્ષણ માટેના પ્રાકૃતિક ખેતી મહાઅભિયાન માટે ખેડૂતો-ગ્રામજનોને પ્રેરણા અને પ્રશિક્ષણ આપશે. ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશની ચિંતા કરીને સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતી અભિયાનનો વ્યાપ વધારવા પ્રયત્નશીલ છે ત્યારે ગૂજરાત વિદ્યાપીઠના પ્રાકૃતિક ખેતી મહાઅભિયાનથી ગ્રામીણ પરિવારોની સૌથી મોટી સેવા થશે, ગામડાં સમૃદ્ધ થશે.

પૂજ્ય ગાંધીજીએ કહ્યું છે કે, ભારતના વિકાસનો માર્ગ ગામડાઓમાં થઈને નીકળે છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ પૂજ્ય ગાંધીજીના આ અવતરણને ટાંકીને





કહ્યું હતું કે, ગ્રામ વિકાસ અને અંત્યોદયથી જ ભારતને સમૃદ્ધ અને વિકસિત બનાવી શકાશે. ગામનો પૈસો ગામમાં રહે અને શહેરનો પૈસો પણ ગામમાં આવે તો ગ્રામ વિકાસ થાય. 'સાદું જીવન અને ઉચ્ચ વિચારો' - પૂજ્ય બાપુના વ્યવહારમાં રહેલી સાદગી અને તેમના વિચારોથી આખું વિશ્વ આજે તેમને આદરપૂર્વક નમન કરે છે. વિશ્વમાં માનવતારહિત વિચારોને કારણે વિવિધ દેશો વચ્ચે વૈમનસ્ય અને યુદ્ધની સ્થિતિ છે ત્યારે આખા વિશ્વને 'ગાંધી વિચાર'ની તરસ છે.

પૂજ્ય ગાંધીજી પ્રાકૃતિક જીવન જીવતા હતા, એમ કહીને શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પ્રકૃતિ માનવની તમામ જરૂરિયાતની પૂર્તિ કરી શકે છે, તેની લાલચની પૂર્તિ કરી શકતી નથી. મનુષ્યએ પોતાની લાલચની પૂર્તિ માટે પ્રકૃતિનું શોષણ કર્યું છે. તેનું જ પરિણામ ગ્લોબલ વૉર્મિંગ છે. પ્રાકૃતિક ખેતી પ્રકૃતિની સંપદાના સંરક્ષણનું અભિયાન છે. સ્વાસ્થ્ય અને સમૃદ્ધિનું અભિયાન છે. ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓના પ્રાકૃતિક ખેતીના સંદેશ સાથેની ગાંધી ગ્રામજીવન પદયાત્રામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને તેમણે કહ્યું કે, પ્રાકૃતિક ખેતી રાષ્ટ્ર કલ્યાણનું અભિયાન છે. માતા-પિતાને અને અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવાની પ્રેરણા આપશો તો ધરતી સોનું થઈ જશે. ક્યારેય પૂર નહીં આવે, બધું પાણી જમીનમાં શોષાઈ જશે, જળસંચય થશે. આહાર શુદ્ધ થશે. સ્વાસ્થ્ય સુધરશે. પ્રદૂષણ દૂર થશે. એક કામથી અનેક લાભ થશે. તેમણે પ્રાકૃતિક ખેતી વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજણ આપી હતી. ગૂજરાત વિદ્યાપીઠમાં ગાંધી જયંતીના પાવન પર્વે ગાંધી પ્રિય ભજનોનો કાર્યક્રમ યોજાયો હતો. આકાશવાણી અને દૂરદર્શનના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ ગાયકો શ્રી હસમુખ પાટડીયા અને શ્રી કલ્યાણી કૌઠાળકરે ગાંધી પ્રિય ભજનોની સુમધુર પ્રસ્તુતિ કરી હતી.

વિદ્યાપીઠ પરિસરની સ્વચ્છતા અને શાંતિને ધ્યાનમાં લઈને પ્રદૂષણ રહિત પર્યાવરણને અનુકૂળ બેટરી ઓપરેટેડ કાર્ટ વસાવવામાં આવ્યું છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ પૂર્વ શિક્ષણ મંત્રી અને વિદ્યાપીઠના ટ્રસ્ટી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને કુલપતિ શ્રી ડૉ.હર્ષદ પટેલ સાથે આ કાર્ટમાં પહેલી સફર કરીને તેનું લોકાર્પણ કર્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠ પરિસરમાં પ્રાણજીવન વિદ્યાર્થી ભવનમાં પૂ. મહાત્મા ગાંધીજીને વિશ્વભરમાંથી મળેલા ૨૬ જેટલા માનપત્રો અને પ્રશસ્તિ પત્રોનું વિશિષ્ટ કાયમી પ્રદર્શન તૈયાર કરવામાં આવ્યું છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ દીપ પ્રગટાવીને આ પ્રદર્શન કક્ષનું ઉદઘાટન કર્યું હતું. વિજ્ઞાન અને કલાના વિકાસ માટે ગૂજરાત વિદ્યાપીઠ પરિસરમાં જમનાલાલ બજાજ કલાકક્ષ-આર્ટ ગેલેરી તૈયાર કરવામાં આવી છે. શ્રી જમનાલાલ બજાજ કલાકક્ષ-આર્ટ ગેલેરીમાં કલાકારો પોતાના પ્રદર્શન પણ આયોજિત કરી શકશે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ કલાકક્ષ ખુલ્લો મુક્યો હતો. ગાંધી જયંતીના વિવિધ કાર્યક્રમોના અંતે કન્યા છાત્રાલય પરિસરમાં સામૂહિક સફાઈ અભિયાન હાથ ધરાયું હતું શ્રી આચાર્ય દેવવ્રતજી અને ઉપસ્થિત સૌ મહાનુભાવો સફાઈ અભિયાનમાં જોડાયા હતા અને સૌએ સામૂહિક શ્રમયજ્ઞ કર્યો હતો.

ગાંધી જયંતીના આ સમારોહમાં પૂર્વ શિક્ષણમંત્રી અને વિદ્યાપીઠના ટ્રસ્ટી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. સી. કે. ટિમ્બડીયા, આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. કે. બી. કથિરિયા, ગુજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી શ્રી દિલીપભાઈ ઠાકર તેમજ શ્રી સુરેશ રામાનુજ તથા વિદ્યાપીઠના કાર્યકારી કુલસચિવ શ્રી ડૉ.નિખિલ ભટ્ટ, વિદ્યાપીઠના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





દિલ્હીમાં રાજઘાટ ખાતે ગાંધી જયંતિના અવસરે મહાત્મા ગાંધીની સમાધિ ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શ્રદ્ધાંજલિ અર્પીત કરી.

# હિન્દુ ઓળખ ધારણ કરીને રહેતો પાક-બાંગ્લાદેશી પરિવાર ઝડપાયો

## મુસ્લિમ પરિવારે પોતાનું નામ શંકર શર્મા, આશા રાની, રામ બાબુ શર્મા અને રાની શર્મા રાખ્યું હતું, હિન્દુ ઓળખ ધારણ કરીને ૧૦ વર્ષથી રહેતા હતા

। (એજન્સી) બેંગલુરુ, તા.૨ ।

બેંગલુરુમાં પોલીસે ચાર લોકોની ધરપકડ કરી છે જેઓ તેમની ઓળખ છુપાવી રહ્યા હતા. પોલીસે જણાવ્યું કે શંકાસ્પદ રાશિદ અલી સિદ્દીકી, તેની પત્ની આયેશા, તેના પિતા હનીફ મોહમ્મદ અને માતા રૂબીના રાજાપુરા ગામમાં શર્મા પરિવાર તરીકે રહે છે. મુસ્લિમ પરિવારે પોતાનું નામ શંકર શર્મા, આશા રાની, રામ બાબુ શર્મા અને રાની શર્મા રાખ્યું. પાકિસ્તાનીઓની ધરપકડ કરી હતી. તેમની ધરપકડ બાદ ઈન્ટેલિજન્સ અધિકારીઓ પાસેથી માહિતી મળ્યા બાદ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ઢાકાથી ચેન્નાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટપરઆવીરહેલાપાકિસ્તાનીલોકોનકલી પાસપોર્ટ સાથે ઈમિગ્રેશન અધિકારીઓના હાથે ઝડપાઈ ગયા હતા. તપાસમાં જાણવા મળ્યું કે તેઓ સિદ્દીકીના સંબંધી છે. રવિવારે સિદ્દીકી અને તેનો આખો પરિવાર પોતાનો સામાન પેક કરી રહ્યો હતો. તે જ સમયે પોલીસની એક ટીમ આરોપીને પકડવા પહોંચી હતી. પૂછપરછ બાદ સિદ્દીકીએ પોતાની ઓળખ શર્મા તરીકે જાહેર કરી અને કહ્યું કે તે ૨૦૧૮થી બેંગલુરુમાં રહે છે. એટલું જ નહીં તેણે પરિવારનો ભારતીય પાસપોર્ટ અને આધાર કાર્ડ પણ બતાવ્યું. આમાં દરેકના નામ હિન્દુ હતા. જ્યારે તેઓ ઘરમાં પ્રવેશ્યા ત્યારે પોલીસ ચોંકી ઉઠી અને દિવાલ પર મેંહદી ફાઉન્ડેશન ઈન્ટરનેશનલ જશન-એ-યુનુસ લખેલું જોવા મળ્યું. પોલીસ ટીમને ઈસ્લામિક ધર્મગુરુઓના ફોટોગ્રાફ્સ પણ મળી આવ્યા હતા. જ્યારે પોલીસે આરોપીની પૂછપરછ કરી તો સિદ્દીકી ઉર્ફે શંકર શર્માએ જણાવ્યું કે તે પાકિસ્તાનના કરાચીના લિયાકતાબાદનો રહેવાસી છે. તેની પત્ની અને તેનો પરિવાર લાહોરનો હતો. તેણે જણાવ્યું કે તેણે ૨૦૧૧માં એક ઓનલાઈન સેરેમનીમાં આયેશા સાથે લગ્ન કર્યા હતા. તે તેના માતા-પિતા સાથે બાંગ્લાદેશમાં હતી. જો કે, તેમના દેશમાં ધાર્મિક નેતાઓ દ્વારા અત્યાચાર ગુજારવામાં આવતાં તેમને પાક.થી બાંગ્લાદેશ જવાની ફરજ પડી હતી.



### હિન્દુ ઓળખ ધારણ કરીને ૧૦ વર્ષથી રહેતા હતા

એફઆઈઆર મુજબ, તે બાંગ્લાદેશ ગયો અને ઉપદેશક તરીકે કામ કર્યું અને મેહદી ફાઉન્ડેશને તેનો ખર્ચ ઉઠાવ્યો. પરંતુ ૨૦૧૪માં બાંગ્લાદેશમાં સિદ્દીકી પર ફરી હુમલો થયો અને તેણે ભારતમાં મેહદી ફાઉન્ડેશનના પરવેઝ નામના વ્યક્તિનો સંપર્ક કર્યો. સિદ્દીકી તેની પત્ની, સસરા અને સંબંધીઓ ઝૈનાબી નૂર અને મોહમ્મદ યાસીન સાથે એજન્ટો મારફત બાંગ્લાદેશથી માલદા થઈને ભારત આવ્યો હતો. એક પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, તે શરૂઆતમાં દિલ્હીમાં રહેતો હતો અને તેને શર્માના નામે નકલી આધાર કાર્ડ, પાસપોર્ટ અને ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવ્યા હતા અને મહેદી ફાઉન્ડેશન વતી દિલ્હીમાં પ્રચાર કરતો હતો. સિદ્દીકીએ ૨૦૧૮માં નેપાળની મુલાકાત લીધી હતી. બેંગલુરુના રહેવાસી વસીમ અને અલ્તાફને મળ્યા બાદ તેણે બેંગલુરુ શિફ્ટ થવાનો નિર્ણય કર્યો. તેઓએ તેને તે શહેરમાં પ્રચાર કરવાનું કહ્યું. અલ્તાફે ભાડાનો ખર્ચ ઉઠાવ્યો અને મહેદી ફાઉન્ડેશને તેને અલારા ટીવી પરના તેના શો માટે ચૂકવણી કરી. અહીં તેણે ઈસ્લામનો પ્રચાર કર્યો. સિદ્દીકીના સાસરિયાઓએ પણ બેંગલુરુમાં બેંક ખાતા ખોલાવ્યા હતા. પોલીસે આઈપીસીની કલમ ૪૨૦, ૪૬૮ અને ૪૭૧ હેઠળ કેસ નોંધ્યો છે.

## પ્રશાંત કિશોરે પક્ષનું નામ રાખ્યું જન સુરાજ પાર્ટી

# ચૂંટણી વ્યૂહનીતિકાર પ્રશાંત કિશોરે શરૂ કર્યો પોતાનો રાજકીય પક્ષ

। (એજન્સી) પટણા, તા.૨ ।



ચૂંટણી વ્યૂહનીતિકારથી રાજનેતા બનેલા પ્રશાંત કિશોરે ઔપચારિક રીતે પોતાનો રાજકીય પક્ષ શરૂ કર્યો છે. પ્રશાંત કિશોરે પોતાની પાર્ટીનું નામ 'જન સુરાજ પાર્ટી' રાખ્યું છે. આ સાથે જ બિહારના રાજકારણમાં એક નવી પાર્ટીનો ઉદય થઈ ગયો છે. બિહારમાં ૨૦૨૫માં થનારી વિધાનસભા ચૂંટણીમાં પ્રશાંત કિશોરની પાર્ટી તાલ ઠોકશે. પાર્ટીને લોન્ચ કરતી વખતે પ્રશાંત કિશોરે કહ્યું, 'જન સુરાજ અભિયાન ૨-૩ વર્ષોથી ચાલી રહ્યું છે. લોકો પૂછી રહ્યાં છે કે અમે પાર્ટી ક્યારે બનાવીશું. આપણે સૌ એ ભગવાનનો આભાર માનવો જોઈએ, આજે ચૂંટણી પંચે સત્તાવાર રીતે જન સુરાજને જન સુરાજ પાર્ટી તરીકે સ્વીકાર કરી લીધો છે.' પ્રશાંત કિશોરે પોતાની પાર્ટીને લોન્ચ કર્યા બાદ મનોજ ભારતીને તેના કાર્યકારી અધ્યક્ષ નિમણૂક કર્યા છે. મનોજ ભારતી ભારતીય વિદેશ સેવાના અધિકારી રહ્યાં છે. મનોજ ભારતી ચાર દેશોમાં ભારતના રાજદૂત રહ્યાં છે. વિમાન આઈસી ૮૧૪ ને હાઈજેક કર્યા સમયે કાઠમાંડુ સ્થિત ભારતીય દૂતાવાસમાં ભારતીની પોસ્ટિંગ હતી. પ્રશાંત કિશોરે ચૂંટણી વ્યૂહનીતિકાર તરીકે ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ મુખ્ય દળો માટે અલગ-અલગ સમયે કામ કર્યું અને પછી પોતાના ગૃહ રાજ્ય બિહારમાં જન સુરાજ અભિયાન પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

## મુસ્લિમ પુરુષો કરી રહ્યાં છે લવ જેહાદ

# કોર્ટે પહેલી વાર ફટકારી આજીવન કારાવાસની સજા

## લવ જેહાદ કરનારા લોકોએ સાવધાન થવાની જરુર, દેશમાં પહેલી એક શખ્સને આજીવન કારાવાસની સજા

। (એજન્સી) બરેલી, તા.૨ ।



ઉત્તર પ્રદેશના બરેલીની એક કોર્ટે એક મુસ્લિમ યુવકને લવ જેહાદના આરોપમાં આજીવન કેદની સજા ફટકારી છે. દેશમાં પહેલી વાર લવ જેહાદના કેસમાં આજીવન કારાવાસની સજા થઈ છે. એડિશનલ સેશન્સ જજ રવિ કુમાર દિવાકરે કહ્યું કે લવ જેહાદ હેઠળ મુસ્લિમ પુરુષો સંપૂર્ણ પ્લાનિંગ સાથે હિન્દુ મહિલાઓને નિશાન બનાવી રહ્યા છે. તેમની સામે, તેઓ પ્રેમના ઢોંગમાં લગ્ન કરે છે અને પછી તેઓ ઈસ્લામ અંગીકાર કરવાની ફરજ પાડે છે. દેશની કોઈ અદાલતે લવ જેહાદને લઈને આવી ટિપ્પણી કરી હોય તેવું કદાચ પહેલીવાર બન્યું છે. જજ રવિ કુમાર દિવાકર શું બોલ્યાં? આ કેસમાં આરોપી મોહમ્મદ આલીમે પીડિતાને તેનું નામ આનંદ જણાવ્યું હતું. ત્યારબાદ તેણે તેની સાથે પ્રેમનું નાટક કરીને તેની સાથે લગ્ન કરી લીધાં હતા અને પછી રેપ કર્યો હતો. આ દરમિયાન તેના ફોટોગ્રાફ્સ અને વીડિયો પણ ઉતારી લીધાં હતા અને રેકોર્ડ વીડિયોને આધારે તેણી પર અનેક વાર બળાત્કાર કર્યો હતો. જજ રવિ કુમાર દિવાકરે કહ્યું કે લવ જેહાદનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતમાં પોતાની સત્તા સ્થાપિત કરવાનો છે. તેની પાછળ આંતરરાષ્ટ્રીય ષડયંત્ર છે અને તેમાં ચોક્કસ ધર્મના અરાજકતાવાદી તત્વો સામેલ છે. કોર્ટે કહ્યું, 'સરળ શબ્દોમાં કહીએ તો, લવ જેહાદ એક પ્રથા છે જે મુસ્લિમ પુરુષો બિન-મુસ્લિમ મહિલાઓ વિરુદ્ધ કરે છે. આ અંતર્ગત તેઓ પ્રેમનું નાટક કરીને લગ્ન કરે છે. એક જ ધર્મના કેટલાક અરાજકતાવાદી તત્વો આમાં સામેલ છે. લવ જેહાદમાં વિદેશી ફંડિંગને પણ નકારી શકાય નહીં. જસ્ટીસે કહ્યું કે કોઈને પણ બળજબરીથી ધર્મ પરિવર્તનનો અધિકાર ન આપી શકાય. જો કોઈનું ગેરકાયદેસર રીતે ધર્માંતરણ થાય અને આ માટે બળનો ઉપયોગ કરવામાં આવે છે, જૂઠું બોલવામાં આવે છે, લાલચ આપવામાં આવે છે અથવા છેતરપિંડી કરવામાં આવે છે, તો ઉત્તર પ્રદેશ ધર્માંતરણ વિરોધી કાયદા હેઠળ પગલાં ભરી શકાય છે. જો ભારત સરકાર સમયસર લવ જેહાદ હેઠળ આવા ગેરકાયદે ધર્માંતરણને રોકવામાં સક્ષમ નહીં હોય તો ભવિષ્યમાં દેશને તેના પરિણામો ભોગવવા પડશે. આ મામલાને ગંભીરતાથી ન લઈ શકાય કારણ કે તે દેશની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વ માટે ખતરો છે.

### ૧૫૦ સભ્યોની પોલીસ ટીમે થોન્ડામુથુર ખાતે સદગુરુના ઈશા ફાઉન્ડેશનની કરી મુલાકાત

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨ ।

મદ્રાસ હાઈકોર્ટે સદગુરુ જગ્ગી વાસુદેવની સંસ્થા વિરુદ્ધ નોંધાયેલા તમામ ફોજદારી કેસો અંગે તમિલનાડુ સરકાર પાસેથી રિપોર્ટ માંગ્યા બાદ ૧૫૦ સભ્યોની પોલીસ ટીમે થોન્ડામુથુર ખાતે ઈશા ફાઉન્ડેશનના કેન્દ્રની મુલાકાત લીધી હતી. કોઈમ્બતુરના નિવૃત્ત પ્રોફેસર એસ. કામરાજ દ્વારા દાખલ કરાયેલ હેબિયસ કોર્પસ અરજીની સુનાવણી કરતી વખતે હાઈકોર્ટે તમિલનાડુ સરકારને ઈશા ફાઉન્ડેશન સામેના તમામ ફોજદારી કેસોની વિગતો સબમિટ કરવાનો આદેશ આપ્યો હતો. એસ. કામરાજ પોતાની અરજીમાં આરોપ લગાવ્યો હતો કે, તેની બે પુત્રીઓનું તામિલનાડુના કોઈમ્બતુરમાં ઈશા યોગ સેન્ટરમાં રહેવા માટે બ્રેઈનવોશ કરવામાં આવ્યું હતું. ફાઉન્ડેશન તેમને તેમના પરિવાર સાથે સંપર્કમાં રહેવા દેતું નહીં. ઈશા ફાઉન્ડેશન દ્વારા આ આરોપને નકારી કાઢવામાં આવ્યો છે. તેમનું કહેવું છે કે, તે લોકોને સાધુ/સાધ્વી બનવાનું કહેતું નથી.

## હાઇકોર્ટે માન્યો રેયરેસ્ટ ઓફ રેયર કેસ

# પુત્રએ માતાનું મર્ડર કર્યું, દય-લીવર, કિડની કાઢી, પછી મીઠું-મરચું નાંખીને ખાઇ ગયો

। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

મહારાષ્ટ્રમાંથી એક સનસનીખેજ હત્યાની ઘટના સામે આવી છે. ખરેખરમાં, અહીં ખુદ પુત્રએ પોતાની માતાની હત્યા કરી અને બાદમાં ક્રૂરતાની તમામ હદો પાર કરી દીધી હતી. આ ઘટનામાં માતાની હત્યા કરનારો ઘાતકી પુત્રની ફાંસીની સજાને બૉમ્બે હાઈકોર્ટે યથાવત રાખી છે. મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં ૨૦૧૭માં બનેલા આ હત્યા કેસમાં આરોપી પુત્રએ દારૂના પૈસા આપવાનો ઈનકાર કરતા તેની માતાની હત્યા કરી નાંખી હતી. આ પછી તેના શરીરના ભાગોને બહાર કાઢીને મીઠું અને મરચું ભભરાવીને ખાવામાં આવ્યા હતા. ૨૮ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ, કોલ્હાપુરના મકડવાલા વસાહત વિસ્તારમાં, એક પુત્ર તેની ૬૩ વર્ષની માતા પાસેથી દારૂ પીવા માટે પૈસા માંગી રહ્યો હતો, જેના કારણે માતા તેને દારૂ પીવાની ના પાડી રહી હતી, અને તેને પૈસા આપતી ન હતી, પુત્ર ગુસ્સે થયો અને માતાની ક્રૂરતાપૂર્વક નિર્દયતાથી હત્યા કરી નાંખી. આ પછી પણ તેની ક્રૂરતા અટકી ન હતી અને તેણે તેની માતાના તીક્ષ્ણ હથિયારથી ટૂકડા કરવા માંડ્યા, તેના આંતરિક અંગો બહાર કાઢ્યા, પહેલા મગજ બહાર કાઢ્યું, પછી છરી વડે હૃદય બહાર કાઢ્યું અને પછી એક પછી એક તેના લીવર, કિડની અને આંતરડા બહાર કાઢ્યા હતા. આરોપી પુત્રએ તેની માતાનું હૃદય, મગજ, લીવર અને કીડની એક તપેલીમાં નાખીને મીઠું અને મરચુ નાંખીને ખાવાનું શરૂ કર્યું. આ જોઈને પડોશીઓનું પણ હૃદય હચમચી ગયું. તેણે ફોન કરીને પોલીસને બોલાવી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને આરોપીની ધરપકડ કરી હતી અને તેણે પોતાનો ગુનો કબૂલી લીધો હતો. એ નરાધમ પુત્રનું નામ સુનીલ કુચકોરવી છે. તેણે તેની માતા યલ્લામા રામા કુચકોરવીની નિર્દયતાથી હત્યા કરી હતી. વર્ષ ૨૦૨૧માં સ્થાનિક કોર્ટે તેને મોતની સજા સંભળાવી હતી. આની સામે તેણે બૉમ્બે હાઈકોર્ટમાં અરજી કરી હતી. લગભગ ત્રણ વર્ષની સુનાવણી બાદ બૉમ્બે હાઈકોર્ટે ૧ ઓક્ટોબરે કોલ્હાપુર કોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો હતો. હાઈકોર્ટે આને 'રેયરેસ્ટ ઓફ રેર કેસ' ગણાવ્યો છે. જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને પૃથ્વીરાજ ચવ્હાણની ડિવિઝન બેંચે કહ્યું કે તે દોષિત સુનીલ કુચકોરવીની ફાંસીની સજાની પુષ્ટિ કરે છે. કોર્ટનું માનવું છે કે ગુનાહિત સુધારાની કોઈ શક્યતા નથી. આ આદમખોરનો કેસ છે. તેણે માત્ર તેની માતાની જ હત્યા કરી ન હતી પરંતુ તેના શરીરના અંગોને રાંધીને ખાવાનું પણ શરૂ કર્યું હતું. ગુનેગાર સુનીલ કુચકોરવીમાં સુધારાની કોઈ શક્યતા નથી, કારણ કે તેનામાં નરભક્ષી વર્તનની વૃત્તિ છે.

## બિહારમાં મોટી દુર્ઘટના

# પૂરગ્રસ્તોની બચાવ કામગીરી વેળા એરફોર્સનું હેલિકોપ્ટર ક્રેશ

। (એજન્સી) મુઝફ્ફરપુર, તા.૨ ।



બિહારના મુઝફ્ફરપુરમાં બુધવારે એક મોટો અકસ્માત થયો હતો. અહીં એરફોર્સનું હેલિકોપ્ટર સેફ લેન્ડિંગ થઈને પાણીમાં પડી ગયું હતું. એરફોર્સે તેને સાવચેતીભર્યું લેન્ડિંગ ગણાવ્યું છે અને હેલિકોપ્ટરમાં સવાર ત્રણેય કર્મચારીઓ સુરક્ષિત છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ હેલિકોપ્ટર મુઝફ્ફરપુરના ઔરાઈ સ્થિત ઘનશ્યામપુરમાં ક્રેશ થયું છે. હેલિકોપ્ટર પૂર રાહત સામગ્રી પહોંચાડવાનું કામ કરી રહ્યું હતું.. ભારતીય વાયુસેનાએ કહ્યું કે બિહારના સીતામઢીમાં પૂર રાહત કામગીરી દરમિયાન એડવાન્સ લાઈટ હેલિકોપ્ટરને સાવચેતીભર્યું લેન્ડિંગ કરવું પડ્યું. હેલિકોપ્ટરમાં બે પાયલટ સહિત ત્રણ જવાન હતા. દરેક જણ સુરક્ષિત છે. બિહારમાં પૂરની સ્થિતિ ગંભીર છે. નેપાળમાં ભારે વરસાદ અને પૂર પછી, ૨૯ સપ્ટેમ્બરના રોજ કોસી બેરેજ, વીરપુરમાંથી ૬,૬૧,૨૯૫ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. ૧૯૬૮ પછી આ સૌથી વધુ પાણી છોડવામાં આવ્યું છે. આ બેરેજમાંથી ૧૯૬૮માં મહત્તમ ૭.૮૮ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. આ કારણે બિહાર અને યુપીના અનેક જિલ્લાઓમાં પૂરનું સંકટ ઉભું થયું છે. રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના જણાવ્યા અનુસાર, આપત્તિની સ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટરની મદદથી, સીતામઢી અને દરભંગા જિલ્લાના બે જિલ્લાઓમાં પાણીથી ઘેરાયેલા ગામોમાં ફૂડ પેકેટ્સ વહેંચવામાં આવી રહ્યા હતા. અસરગ્રસ્ત વસ્તીમાંથી લગભગ ૨,૨૬,000 લોકોને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ (SDRF)/નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) અને સ્થાનિક બોટ દ્વારા સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે વહીવટીતંત્ર પૂરગ્રસ્ત લોકોને બચાવવા માટે એનડીઆરએફની કુલ ૧૬ ટીમો અને એસડીઆરએફની ૧૪ ટીમો તૈનાત કરવામાં આવી છે.

## ન્યૂઝ બ્રિફ

### પવનની દીકરીએ તિરુપતિ મંદિર જતા પહેલા ડિક્લેરેશન પર હસ્તાક્ષર કર્યા

। (એજન્સી) તિરુપતિ,તા.૨ ।

તિરુપતિ મંદિરમાં લાડુમાં ભેળસેળના વિવાદ વચ્ચે, આંધ્રપ્રદેશના નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણની પુત્રીએ બુધવારે તિરુમાલા મંદિરની મુલાકાત લેતા પહેલા જાહેરાત કરી હતી કે તે ભગવાન વેંકટેશ્વરમાં વિશ્વાસ ધરાવે છે. નાયબ મુખ્ય પ્રધાનની સૌથી નાની પુત્રી પાલિના અંજની કોનિડેલા કથિત રીતે હિંદુ નથી અને તિરુપતિના શ્રી વેંકટેશ્વર મંદિરના અધિકૃત કસ્ટોડિયન તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD)એ પ્રવેશ કરતા પહેલા બિન-હિંદુઓને દેવતામાં તેમની શ્રદ્ધા જાહેર કરવાની જરૂર હોય છે. જનસેનાની એક અખબારી યાદીમાં કહેવામાં આવ્યું છે કે, “પલિના અંજની કોનિડેલાએ તિરુમાલામાં શ્રીવરી (દેવતા)ના દર્શન માટે મેનિફેસ્ટો આપ્યો હતો. તેમણે TTD કર્મચારીઓ દ્વારા પૂરા પાડવામાં આવેલ દસ્તાવેજો પર સહી કરી. પાલિના અંજની સગીર હોવાથી તેના પિતા પવન કલ્યાણે પણ દસ્તાવેજોને તેની સંમતિ આપી દીધી છે.

### ૧૯૬૮માં શહીદ થયેલા જવાનનો ૫૬ વર્ષ બાદ મૃતદેહ મળ્યો



। (એજન્સી) સહારનપુર, તા.૨ ।

આપણા જીવનમાં ઘણીવાર એવી ઘટનાઓ જોવા અને સાંભળવા મળે છે, જેના પર વિશ્વાસ કરવો મુશ્કેલ બની જાય છે. પરંતુ ઉત્તર પ્રદેશના સહારનપુર જિલ્લાના નાનૌટા વિસ્તારના રહેવાસી અને વાયુસેનામાં ફરજ બજાવતા એક જવાનનો મૃતદેહ ૫૬ વર્ષ બાદ સિયાચીન ગ્લેશિયર નજીકથી મળી આવ્યો છે. જેની જાણ થતાં જ દરેક લોકો સ્તબ્ધ થઈ ગયા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગુરુવારે તેમનો પાર્થિવદેહ તેમના ગામ પહોંચશે. ત્યારબાદ પરિવારજનો દ્વારા તેમના વિધિવત રીતે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. નવાઈની વાતો એ છે કે બરફમાં દટાઈ જવાને કારણે તેમનો મૃતદેહ સાવ ખરાબ થયો નથી. અધિક પોલીસ અધિક્ષક સાગર જૈને બુધવારે આ અંગે જાણકારી આપી છે. તેમણે જણાવ્યું કે, નાનૌટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ફતેહપુર ગામના રહેવાસી મલખાનસિંહ વાયુસેનામાં ફરજ બજાવતા હતા.

### વડાપ્રધાન મોદીનો ફોન આવ્યો હતો, પણ મેં વાત ન કરી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભૂતપૂર્વ ભારતીય મહિલા રેસલર વિનેશ ફોગાટ છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છે. પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ૫૦ કિગ્રા કુસ્તીની ફાઈનલ મેચના દિવસે વજનને કારણે તેણીને ગેરલાયક ઠેરવવામાં આવી હતી. જ્યારે તે તૂટી પડી ત્યારે શું તેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ફોન આવ્યો હતો? વિનેશ ફોગટે પોતે કહ્યું કે હા, પરંતુ તેણે મોદી સાથે વાત કરી ન હતી. તેનું કારણ એ હતું કે તે પોતે વડાપ્રધાન સાથેની કોઈપણ વાતચીત રેકોર્ડ કરવા માંગતી હતી. ભારતીય અધિકારીઓએ આ શરત સ્વીકારી ન હતી, તેથી તેઓએ વાત કરવાનો ઈનકાર કર્યો હતો. વિનેશ ફોગાટે લલ્નટોપને આપેલા ઈન્ટરવ્યુંમાં મોટા ખૂલાસા કર્યા છે. વિનેશ ફોગાટે કહ્યું, “કોલ આવ્યો હતો. મેં ના પાડી. મને સીધો ફોન આવ્યો ન હતો, પરંતુ ત્યાં રહેલા ભારતીય અધિકારી પર ફોન આવ્યો હતો. તેમને મને કહ્યું કે પીએમ મોદી વાત કરવા માંગે છે, અને મેં કહ્યું ઠીક છે. તેમણે કહ્યું કે તમારી પાસે કોઈ માણસ નહીં હોય, અમારી ટીમના બે લોકો હશે.

## તંત્રી લેખ...

# કાશ્મીર કરતાં વધુ જમ્મુમાં આતંકીઓની સક્રિયતા વધી

પાકિસ્તાની વડાપ્રધાને સંયુક્ત રાષ્ટ્રના મંચ પરથી કાશ્મીર પર જે રોદણાં રડ્યાં અને ભારત પર મનઘડંત આરોપો લગાવ્યા, ત્યારે ભારતીય પ્રતિનિધિએ તેમને કડક જવાબ આપીને બિલકુલ યોગ્ય જ કર્યું. પાકિસ્તાનને દરેક સમયે ખબર પડવી જ જોઈએ કે કોઈપણ તેનાં રોદણાં સાંભળવા તૈયાર નથી અને તે હજુ પણ આતંકવાદને પોતાનો સહયોગ, સમર્થન અને સંરક્ષણ આપવાનું બંધ કરતું નથી. એ સારું થયું કે ભારતે પાકિસ્તાનની ઝાટકણી કાઢવાની સાથે જ એ પણ બતાવી દીધું કે તેને આતંકવાદને સંરક્ષણ આપવાનાં દુષ્પરિણામ ભોગવવાં પડશે. ઠીક એવી જ રીતે જેમ તેણે ભારત દ્વારા કરવામાં આવેલ સર્જિકલ સ્ટ્રાઈક અને પછી એર સ્ટ્રાઈક રૂપે ભોગવ્યાં હતાં. આ મામલે જમ્મુમાં એક રેલીને સંબોધિત કરતાં વડાપ્રધાન મોદીએ એ યાદ દેવડાવ્યું કે કઈ રીતે આઠ વર્ષ પહેલાં સર્જિકલ સ્ટ્રાઈકને અંજામ આપવામાં આવ્યો હતો, બલ્કે એમ કહેવામાં પણ સંકોચ ન કર્યો કે નવું ભારત ઘરમાં ઘૂસીને મારે છે અને ગોળીનો જવાબ ગોળાથી આપે છે. તેમણે એ પણ રેખાંકિત કર્યું કે કોંગ્રેસના શાસનકાળમાં કઈ રીતે પાકિસ્તાનની હરકતોનો જવાબ પણ નહોતો અપાતો. નિઃસંદેહ કોંગ્રેસને આ બધી વાતો નહીં ગમતી હોય, પરંતુ એ સત્ય જ છે કે તેણે સત્તામાં રહ્યા દરમ્યાન પાકિસ્તાનને કોઈ પાઠ ન ભણાવ્યો. તેને કારણે જ તેનું દુસ્સાહસ વધ્યું અને ભારતે તેની ઘણી કિંમત ચૂકવવી પડી. જો મોદી સરકાર પાકિસ્તાન વિરુદ્ધ કઠોર વલણનો પરિચય ન આપ્યો હોત તો આજે સીમા પર જે શાંતિ છે, તે ન હોત અને જમ્મુ-કાશ્મીરમાં આટલા ઉત્સાહભર્યા માહોલમાં ચૂંટણી ન થઈ રહી હોત. જમ્મુ-કાશ્મીરમાં જે શાંતિનું વાતાવરણ બન્યું છે, તેની નોંધ કાશ્મીર ઘાટીની જનતાએ વિશેષ રૂપે લેવું જોઈએ. તેણે એ નિષ્કર્ષ પર પહોંચવું જોઈએ કે પાકિસ્તાન તેનું હિતેચ્છુ નથી અને તે હજુ પણ કાશ્મીરને અશાંત-અસ્થિર કરવાનું બંધ નથી કરતું. પાકિસ્તાનના આ વલણ પર ભારત સરકારે પણ ધ્યાન આપવું પડશે, કારણકે તે આર્થિક રૂપે બદહાલ થઈ ગયા બાદ પણ ભારત વિરોધી ગતિવિધિઓ બંધ કરવા માટે તૈયાર નથી. તેનું પ્રમાણ એના પરથી મળે છે કે ગત દિવસે કુલગામમાં એક અથડામણમાં બે આતંકીઓને ઠાર માર્યા હતા. એ ઠીક નથી કે જમ્મુ-કાશ્મીરમાં આતંકી રહી-રહીને પોતાનું માથું ઊંચકે છે.

## સ્વચ્છ ભારત અભિયાનનાં ૧૦ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થવા પર પ્રધાનમંત્રીને વૈશ્વિક સંસ્થાઓનાં નેતાઓ તરફથી અભિનંદન સંદેશાઓ મળ્યાં






પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને આજે સ્વચ્છ ભારત અભિયાનનાં ૧૦ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ વિવિધ વૈશ્વિક સંસ્થાઓનાં નેતાઓ તરફથી અભિનંદનનાં સંદેશાઓ મળ્યાં હતાં. બંને નેતાઓએ એ વાત પર ભાર મૂક્યો હતો કે, પ્રધાનમંત્રીનાં દૂરંદેશી નેતૃત્વ હેઠળ સ્વચ્છ ભારત અભિયાને કેવી રીતે સ્વચ્છતા અને સફાઈમાં સુધારો કરીને ભારતને નોંધપાત્ર રીતે પરિવર્તિત કર્યું છે. પ્રધાનમંત્રીએ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના મહાનિદેશક ડૉ. ટેડ્રોસ એડનોમ ઘેબ્રેયેસસની શુભેચ્છા પર આધારિત એક પોસ્ટ MyGov પર શેર કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "વિશ્વ આરોગ્ય સંસ્થાનાં મહાનિદેશક ડૉ. ટેડ્રોસ એડનોમ ઘેબ્રેયેસસે પ્રધાનમંત્રી @narendramodi પ્રશંસા કરી હતી અને સ્વચ્છ ભારત અભિયાનની ૧૦મી વર્ષગાંઠ પર સરકારનાં પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે આ પરિવર્તનકારી પહેલ મારફતે સ્થાયી વિકાસ લક્ષ્યાંકો હાંસલ કરવામાં થયેલી નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો, જે સ્વચ્છ અને તંદુરસ્ત રાષ્ટ્રને પ્રોત્સાહન આપવા સમુદાયોને એકત્રિત કરે છે. #10YearsOfSwachh-Bharat #SBD2024 #SHS2024" શ્રી મોદીએ વર્લ્ડ બેંકના પ્રમુખ અજય બંગાની શુભેચ્છાઓ પર સ્અર્ઘ્દ્ દ્વારા ૪ પર એક પોસ્ટ શેર કરી હતી: "વિશ્વ બેંકના પ્રમુખ અજય બંગાએ નોંધ્યું હતું કે, સ્વચ્છ ભારત અભિયાને સ્વચ્છતામાં સુધારો કરીને ભારતની કાયાપલટ કરી છે અને પ્રધાનમંત્રી @narendramodi દીર્ઘદ્દષ્ટા નેતૃત્વમાં એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. #10YearsOfSwachhBharat #SBD2024 #SHS2024". પ્રધાનમંત્રીએ એશિયાઈ વિકાસ બેંકનાં પ્રમુખ માસાત્સુગુ અસાકાવાની શુભેચ્છા પર સ્અર્ઘ્દ્ દ્વારા X પર એક પોસ્ટ શેર કરી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "એશિયન ડેવલપમેન્ટ બેંકનાં પ્રમુખ માસાત્સુગુ અસાકાવાએ પરિવર્તનકારી અભિયાન સ્વચ્છ ભારત અભિયાનનું નેતૃત્વ કરવા બદલ પ્રધાનમંત્રી @narendramodi પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, એશિયન ડેવલપમેન્ટ બેંકને આ દૂરંદેશી પહેલ પર શરૂઆતથી જ ભારત સાથે ભાગીદારી કરવાનો ગર્વ છે. #10YearsOfSwachhBharat #SBD2024 #SHS2024" શ્રી મોદીએ આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરની શુભેચ્છાઓ પર સ્અર્ઘ્દ્ દ્વારા X પર એક પોસ્ટ શેર કરી હતી: પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "જ્યારથી આપણા આદરણીય પ્રધાનમંત્રી @narendramodiજીએ સમગ્ર દેશમાં સ્વચ્છ ભારત અભિયાન શરૂ કર્યું છે, ત્યારથી અમે જોઈ રહ્યા છીએ કે સ્વચ્છતા પર લોકોનું ધ્યાન પરત ફર્યું છે: શ્રી શ્રી રવિશંકર, આધ્યાત્મિક નેતા "#10YearsOfSwachhBharat #SBD2024 #SwachhBharat .... પ્રધાનમંત્રીએ ટાટા ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી રતન ટાટાની શુભેચ્છાઓ પર MyGov દ્વારા X પર એક પોસ્ટ શેર કરી.

**દુર્ગાને આપણે નવદુર્ગા કહી છે એટલે કે શૈલપુત્રી, બ્રહ્મચારીણી, ચંદ્રઘંટા, કુષ્માંડા, કાત્યાયની, સ્કંદમાતા, કાલરાત્રિ, મહાગૌરી અને સિદ્ધિદાત્રી**

# સૂર્ય ચંદ્ર પણ જેનાં તેજે પ્રકાશે છે, એવી મા અંબા પધારી રહી છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

આજે આસો સુદ એકમ એટલે કે મા નવદુર્ગાનાં શૈલપુત્રીનો મહિમા ગાવાનો દિવસ. શૈલપુત્રી એટલે કે પર્વત પુત્રી, માતપિતાના લાડને કારણે એક અલ્લડ કિશોરી જેવું જેનું શુદ્ધ સ્વરૂપ દિસે છે. વીજળીથી પણ તેજ જેની શક્તિ ભાસે છે, અને જેને સિદ્ધીનાં સિતારાને મુઠ્ઠીમાં ભરવા છે, માટે એ રોમરોમમાં સાહસ ભરીને પર્વત પરથી નિસરી ચૂકી છે, એવાં ચતુર્ભુજ શૈલપુત્રીને નમસ્કાર. આપણે આ શારદીય નવરાત્રિમાં શક્રાદય સ્તુતિ વિશે ચિંતન કરીશું. આ સ્તુતિ માર્કન્ડેય પુરાણમાં ચંડીપાઠના ચોથા અધ્યાયમાં છે, અને દેવીના યજ્ઞ સમાપન વખતે બોલવામાં આવે છે. આમ તો શક્રાદય શબ્દથી આ સ્તુતિની શરૂઆત થતી હોવાથી એને શક્રાદય સ્તુતિ કહેવામાં આવે છે. મૂળમાં શક્ર એટલે કે ઈન્દ્ર વગેરે દેવતાઓ મા દુર્ગાની સ્તુતિ કરી રહ્યા છે, અને મા દુર્ગાની પ્રશંસા રૂપે કરાયેલી આ સ્તુતિમાં માતાની પ્રશંસા થાય છે. મૂળમાં તો બ્રહ્માંડ રચયિતા તરીકે આપણે શક્તિનાં દુર્ગા સ્વરૂપને સ્વીકાર્યું છે, એટલે કે આ બ્રહ્માંડ કોઈ પરમશક્તિને આધીન છે, અને તે સમયે સમયે તેનું સર્જન કરે છે, તેની આંતર બાહ્ય પ્રકૃતિનું પાલનપોષણ કરે છે, તેની બાહ્ય આંતરિક પ્રવૃત્તિનું સંચાલન કરે છે, અને સમયે વિસર્જન પણ કરે છે. આ દુર્ગાને આપણે નવદુર્ગા કહી છે એટલે કે, શૈલપુત્રી, બ્રહ્મચારીણી, ચંદ્રઘંટા, કુષ્માંડા, કાત્યાયની સ્કંદમાતા, કાલરાત્રિ, મહાગૌરી અને સિદ્ધિદાત્રી. એ શક્તિ આપણા જીવનની અવસ્થા અનુરૂપ આપણી પર કાર્ય કરતી હોય છે. માનવીની જીવનીના ત્રણ મહત્વના પરિબળ જોઈએ તો માનવી ક્રિયા કર્યા વગર રહેતો નથી, માનવીને જીવન જીવવા માટે દ્રવ્યની જરૂર પડે છે, અને તેને સંબંધોમાં તેમજ બાહ્ય જગત સાથેના વ્યવહારમાં જ્ઞાનની જરૂર પડે છે. તો આ ત્રણ રીતે ત્રણ કાલીકા લક્ષ્મી અને સરસ્વતી શક્તિને મુખ્ય ગણી છે, અને તેથી નવરાત્રીમાં તેનું અનુસંધાન કરવામાં આવે છે, જેથી કરીને આપણાં મુખ્ય ત્રણ ગુણ સત્વ, રજસ, અને તમસનું સંતુલન રહે. સર્વપ્રથમ શક્તિનાં કાલિકા સ્વરૂપનાં પુજનથી ક્રિયાને શક્તિ દ્વારા નિર્મળ અને નૂતન બનાવવાની છે. મહાલક્ષ્મીનાં પૂજનથી દ્રવ્યને નિર્મળ અને નૂતન બનાવવાનું છે, અને મા સરસ્વતીની પૂજાથી જ્ઞાનને નિર્મળ અને નૂતન બનાવવાનું છે. કારણ કે આજે જ્ઞાનને નામે આપણે માત્ર માહિતી કે જાણકારી મગજમાં ભર્યા છે, જે આપણને એટલા અભિમાની બનાવે છે, કે આપણું અનુભવે સિદ્ધ થયેલું જ્ઞાન પણ નિર્મળ રહેતું નથી. તો આ નવરાત્રીમાં આપણી ક્રિયા, આપણું દ્રવ્ય, અને આપણું જ્ઞાન નિર્મળ, અને નુતન બનાવવા શક્રાદય સ્તુતિનો સંદર્ભ લઈએ.

**★શક્રાદય સ્તુતિ★**

**અથ ચતુર્થોડધ્યાયઃ**
**ઋષિરુવાચ.**
**શક્રાદયઃ સુરગણા નિહતેડતિવીર્યે**
**તસ્મિન્દુરાત્મનિ સુરારિબલેચ દેવ્યા,**
**તાં તુષ્ટુવુઃ પ્રણતિનમ્રશિરોધરાંસા**
**વાગ્ભિઃ પ્રહર્ષપુલકોદ્ગમચારુદેહાઃ.**

સિદ્ધિની ઈચ્છા રાખનારા મનુષ્ય જેમની સેવા કરે છે તથા દેવતાઓ જેમની બધી બાજુએ વીંટળાયેલા રહે છે. તે જયા નામના દુર્ગાદેવીનું હું ધ્યાન કરુ છું.તેમના શ્રી અંગોની કાંતિ બિલકુલ કાળા વાદળ જેવી શ્યામ છે, તેઓ પોતાના નેત્રની તીવ્રતાથી શત્રુ કૂળને ભય પમાડે છે. તેમના મસ્તક પર રહેલી ચંદ્રિકા શોભી રહી છે. તેઓ પોતાની ભુજાઓમાં શંખ, ચક્ર, કૃપાણ અને ત્રિશૂળ ધારણ કરે છે. તેમને ત્રણ નેત્રો છે, તેઓનુ વાહન સિંહ છે, અને પોતાના તેજથી ત્રણે લોકોને પ્રકાશિત કરી રહ્યા છે, તેમને મારા નમસ્કાર. ઋષિ કહે છે, અત્યંત પરાક્રમી મહિષાસુર તથા તેની દૈત્ય સેના દેવી જયા દ્વારા હણાઈ ગયાં, પછી ઈન્દ્ર વગેરે દેવતાઓ પ્રણામ કરવા માટે ગરદન તથા ખભા ઝુકાવીને ભગવતી દુર્ગાની ઉત્તમ વચનો દ્વારા સ્તુતિ કરવા લાગ્યાં, તે સમયે દેવીનાં સુંદર અંગોમાં અત્યંત હર્ષને કારણે રોમાંચ થઈ આવ્યો હતો.(૧)

**દેવ્યા યયા તતમિદં જગદાત્મશક્ત્યા,**
**નિશ્શેષદેવગણશક્તિસમૂહમૂર્ત્યા.**
**તામમ્બિકામખિલદેવમહર્ષિપૂજ્યાં**
**ભક્ત્યા નતાઃ સ્મ વિદધાતુશુભાનિ સા નઃ ૨**

દેવતાઓ બોલ્યા, સમસ્ત દેવતાઓની શક્તિનો સમુદાય એ જ જેમનું સ્વરૂપ છે, તથા જે દેવીએ પોતાની શક્તિથી સમસ્ત જગતને વ્યાપ્ત કરી રાખેલું છે, તેવા સમસ્ત દેવતાઓના તથા મહર્ષિઓના પૂજનીય તે જગદંબાને અમે ભક્તિભાવ પૂર્વક નમસ્કાર કરીએ છીએ. તેઓ અમારું સદા કલ્યાણ કરે.(૨)

**યસ્યાઃ પ્રભાવમતુલં ભગવાનનન્તો**
**બ્રહ્મા હરશ્ચ ન હિ વક્તુમલં બલં ચ**
**સા ચણ્ડિકાખિલજગત્પરિપાલનાય**
**નાશાય ચાશુભભયસ્ય મતિં કરોતુ**

જેમના અનુપમ પ્રભાવ અને બળનું વર્ણન કરવા માટે ભગવાન શ્રીવિષ્ણુ, બ્રહ્માજી તથા મહાદેવજી પણ સમર્થ નથી તે ભગવતી ચંડિકા સમસ્ત જગતનું પાલન કરવાનું તેમજ અશુભ ભયનો નાશ કરવાનું વિચારો.(૩)

**યા શ્રીઃ સ્વયં સુકૃતિનાં ભવનેષ્વલક્ષ્મીઃ**
**પાપાત્મનાં કૃતધિયાં હૃદયેષુબુદ્ધિઃ**
**શ્રદ્ધા સતાં કુલજનપ્રભવસ્ય લજ્જા**
**તાં ત્વાં નતાઃ સ્મ પરિપાલય દેવિ વિશ્વ.**

જે પુણ્યાત્માઓના ઘરોમાં પોતે જ લક્ષ્મી રૂપે, પાપીઓને ત્યાં દરિદ્રતા રૂપે, શુદ્ધ અન્તકરણ વાળા મનુષ્યના હૃદયમાં બુદ્ધિ રૂપે, સત્પુરુષોમાં શ્રદ્ધા રૂપે તથા ઉમદા કૂળમાં જન્મેલા મનુષ્યોમાં લજ્જા રૂપે નિવાસ કરો છો, તેવા તમને હે દેવી, અમે નમસ્કાર કરીએ છીએ.હે ભગવતી દુર્ગા! તમેજ અમારાં સમસ્ત વિશ્વનું પાલન કરો. (૪)

બાકીની ત્રણ નવરાત્રીમાં આપણે ગરબા રમતાં નથી, પણ આસો નવરાત્રીમા રમીએ છીએ, એટલે જગતજનની જગદંબા સાથે રમવાના દિવસોનો પ્રારંભ થઈ ગયો છે. આજે ઘરઘરમાં ગુંજશે, ઓચિંતી આંગણામાં આવી અલબેલડી અંબાનાં સ્વાગત હું શાં શાં કરું? આજ મારી ઝૂંપડીમાં આવી અંબે માત! આજે આનંદની વધામણી, સોનાનો ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે!; ઘોર અંધારી રાતલડીમાં નિસર્યા ચાર અસવાર!; આમ સત્વ રજસ અને તમસની પ્રધાનતા વાળા ચારેય વર્ણ આવાં ગરબા ગાઈને માનાં ચરણે પોતાના મનોભાવ રાખશે. જેવી રીતે શ્રાવણમાં શંકર શિવાલયોમાં આવી નિવાસ કરે છે, એ જ રીતે આસો નવરાત્રીમાં મા આદ્યશક્તિ ગરબી રૂપે સ્થાપિત થાય છે, અને તે એની સાથે રમીને ભક્તની મનોભાવનાનો સ્વીકાર કરે છે, એટલે આપણે નવ દિવસ ગરબીનું કે ગરબાનું સ્થાપન કરીએ છીએ. આ ઉપરાંત દેહ પણ એક છીદ્રો ધરાવતો માટીનો ઘટ જ છે! એ સત્યનો સ્વીકાર કરી માટીના ગરબા કે ધાતુના ગરબાનું પણ ઘરઘરમાં સ્થાપન થાય છે. જે રીતે બ્રહ્માંડરૂપી ગરબામાં આદ્યશક્તિ નિવાસ કરીને સૂર્ય ચંદ્રને તેજ દઈ સૃષ્ટિનું સંચાલન કરી રહી છે, બસ એ જ રીતે એ આદ્યશક્તિ આપણા દેહરૂપી ઘટમાં નિવાસ કરીને આપણા કાર્યનું સંચાલન કરે, એવો સહજ ભક્તિ ભાવ પણ આની સાથે જોડાયેલો છે. આદ્યશક્તિ એટલે કે, જ્યારે સૃષ્ટિ નહોતી ત્યારે પણ એ શક્તિ હતી, એટલે કે આદિ અનાદી કાળથી જે હતી, અથવા તો વિશ્વંભરી તરીકે નવદુર્ગાના સ્વરૂપોને આત્મસાત કરીએ છીએ. આમપણ દરેક સંતાનનું મા સાથે એક અનેરૂ સાનિધ્ય હોય છે, અને મા પોતાના સંતાનમાં સંસ્કારનું સિંચન કરવા કોમળ તેમજ કઠણ એટલે કે આકરાં નિર્ણયો લેતી હોય છે, બસ એ જ રીતે મા જગજનની જગદંબા આદ્યશક્તિની પણ આપણી પર કોમળ અને કઠણ કૃપા વરસે છે, અને એટલે જ એ કઠણ કૃપા કરે નહીં, એ માટે તેને રીઝવવાનો પ્રયાસ નવરાત્રી દરમિયાન કરવામાં આવે છે. આપણાં માનસમાં પણ અહમ કે મોહ રુપે મહિષાસુર રહેલો છે, એના નિવારણ માટે જ નવરાત્રી છે એમ સમજી મા આદ્યશક્તિને ભાવથી ભજીએ. જય અંબે.

**સિદ્ધિની ઈચ્છા રાખનારા મનુષ્ય જેમની સેવા કરે છે તથા દેવતાઓ જેમની બધી બાજુએ વીંટળાયેલા રહે છે, તે જયા નામના દુર્ગાદેવીનું હું ધ્યાન કરુ છું, તેમના શ્રી અંગોની કાંતિ બિલકુલ કાળા વાદળ જેવી શ્યામ છે, તેઓ પોતાના નેત્રની તીવ્રતાથી શત્રુ કૂળને ભય પમાડે છે, તેમના મસ્તક પર રહેલી ચંદ્રિકા શોભી રહી છે, તેઓ પોતાની ભુજાઓમાં શંખ, ચક્ર, કૃપાણ અને ત્રિશૂળ ધારણ કરે છે.**

**દેવીપુરાણ અનુસાર જ્યારે માતા ગુરુવાર અથવા શુક્રવારે આવે છે, ત્યારે તે પાલખી માં બેસીને આવે છે. માતાની આ સવારી ખૂબ જ શુભ મનાય છે**

# શક્તિની ઉપાસનાનું મહાપર્વ નવલાં નોરતાં-૧, "યા દેવી સર્વભૂતેષુ શક્તિ રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યે નમસ્તસ્યે નમસ્તસ્યે નમો નમઃ!"



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

આજે ત્રીજી ઓક્ટોમ્બર ૨૦૨૪ ગુરૂવારથી શારદીય નવરાત્રી શરૂ થશે નવરાત્રી, જાણો ક્યારે કળશ સ્થાપનાનું શુભ મુહૂર્ત નવરાત્રીમાં ઘટસ્થાપના અથવા કળશ સ્થાપનાનું ખાસ મહત્વ હોય છે. નવરાત્રી એટલે માઁ શક્તિના નવ દિવસ આરાધના અને પૂજા કરવાના દિવસો. નવ દિવસ સુધી ચાલતા આ તહેવારમાં માઁ દુર્ગાના વિવિધ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. નવરાત્રીમાં ઘટસ્થાપના અથવા કળશ સ્થાપનાનું ખાસ મહત્વ હોય છે. જે નવરાત્રીના પહેલા દિવસે કરવામાં આવે છે. શારદીય નવરાત્રી આસુ સુદ એકમ તિથિથી શરૂ થાય છે. નવરાત્રી દરમિયાન માતા દુર્ગાના નવ સ્વરૂપોની નવ દિવસ પૂજા કરવાનો તેમજ વ્રત રાખવાનો નિયમ છે. એવું માનવામાં આવે છે કે આ નવ દિવસ દરમિયાન માતાજી પૃથ્વી પર નિવાસ કરે છે અને તેમના ભક્તોના દુઃખ દૂર કરવાની સાથે સાથે સુખ અને સમૃદ્ધિના આશીર્વાદ આપે છે. શારદીય નવરાત્રી આસુ સુદ એકમ તિથિથી શરૂ થાય છે. આ વખતે શારદીય નવરાત્રી ત્રીજી ઓક્ટોબર ૨૦૨૪ના રોજ શરૂ થશે અને બારમી ઓક્ટોબરે દશેરા ઉજવાશે.શારદીય નવરાત્રી દરમિયાન મા દુર્ગાના નવ રૂપોની પૂજા અર્ચના અને કળશ સ્થાપના કરવાની પરંપરા છે. આ વર્ષે શારદીય નવરાત્રિ પર ખૂબ શુભ યોગ છે. આવો જાણીએ શારદીય નવરાત્રીની તારીખ, ઘટ સ્થાપના માટે શુભ મુહૂર્ત હિંદુ પંચાગના જણાવ્યા અનુસાર આસો સુદ એકમ તિથિ શારદીય નવરાત્રી ત્રીજી ઓક્ટોબર ૨૦૨૪ ગુરુવારથી શરૂ થઈ રહી છે, જે બારમી ઓક્ટોબર ૨૦૨૪ શનિ વારના રોજ સમાપ્ત થાય છે. હિંદુ પંચાંગ મુજબ નવરાત્રીના પ્રથમ દિવસે કળશ સ્થાપના કરવાની સાથે જવેરા વાવવામાં આવે છે. આજે ત્રીજી ઓક્ટોબરે સવારે ૬.૧૯ વાગ્યાથી સાંજે ૭.૨૩ વાગ્યા સુધી કળશ સ્થાપના માટે શુભ મુહૂર્ત છે. આ સાથે અભિજીત મુહૂર્ત સવારે ૧૧.૫૨થી બપોરે ૧૨.૪૦ વાગ્યા સુધી રહેશે.ઘટસ્થાપન મુહૂર્ત કળશ સ્થાપના પૂજાવિધિ નવરાત્રિ પર તમામ પ્રકારના શુભ કાર્ય કરી શકાય છે.માં દુર્ગા આ દિવસે ભક્તોના ઘરે આવે છે, તેથી શારદીય નવરાત્રિના પહેલા દિવસે ઘરના મુખ્ય દરવાજાની બંને બાજુ સાથિયો બનાવો અને દરવાજા પર આંબા અને આસો પાલવના પાનનું તોરણ લગાવો. નવરાત્રીમાં માતાની મૂર્તિને લાકડા ના ચોક કે આસન પર સ્થાપિત કરવી જોઈએ. જ્યાં મૂર્તિ કે ફોટો સ્થાપિત હોય ત્યાં સૌથી પહેલા સાથિયાનું ચિન્હ બનાવો. ત્યાર બાદ કંકુ-ચોખાનો ચાંદલો અને પછી ત્યાં માતાની મૂર્તિની સ્થાપના કરો. ત્યાર પછી માતાજી ની વિધિ- વિધાન સાથે પૂજા કરો. કળશ સ્થાપન માટેજરૂરી સામગ્રી કળશ સ્થાપના માટેઘણી સામગ્રીની જરૂર પડે છે. જેમાં સાત પ્રકારના અનાજ, એક માટીનું વાસણ, પવિત્ર સ્થાન પરથી લાવવામાં આવેલી માટી, કળશ,ગંગાજળ, આસોપાલવના પાન, સોપારી, નારિયેળ, અક્ષત, લાલ કાપડ અને ફૂલની જરૂર પડે છે. માઁ દુર્ગાની પૂજા માટેની સામગ્રીમાં દુર્ગાનો ફોટો કે મૂર્તિ, સિંદૂર, કેસર, કપૂર, અરીસો, દાંતિયો, કંગન-ભંગી, સુગંધિત તેલ,ચોકી, ચોકી માટે લાલ કાપડ, નારિયેળ, દુર્ગાસપ્ત શતી પુસ્તક, કેરીના પાનનું તોરણ, ફૂલ,મહેદી, ચાદલો સોપારી,આખી હળદર કે દળેલી હળદર, આસન, પાંચ મેવા, ઘી, લોબાન,ગુગળ, લવિંગ, કમળ, સોપારી, કપૂર, હવન કુંડ, ચોકી, મોલી, ફૂલહાર, બિલ્લી પત્ર, દિવો, અગરબત્તી, નેવેધ, મધ, ખાંડ, જાયફળ, લાલ રંગની બંગડીઓ, કળશ, ચોખા, કંકુ, ઘી તેલ, પાન, લાલ રંગની ધ્વજા, એલચી, ખાંડ, ફળ અથવા મિઠાઈ, દુર્ગા ચાલીસા અને હવન માટે કેરીની લાકડીઓ ની જરૂર રહે છે.વાચક મિત્રો આસો માસની પ્રતિપદાથી નોમ સુધીના નવ દિવસ નોરતાં. આ દિવસોએ લોકો નવ દુર્ગાનું વ્રત, ઘટસ્થાપન તથા પૂજન વગેરે કરે છે.હિંદુ નવરાત્રને પહેલે દિવસે ઘટસ્થાપન કરે છે અને દેવીનું આવાહન તથા પૂજન કરે છે.આ પૂજન નવ દિવસ સુધી ચાલે છે. નવમે દિવસે ભગવતીનું વિસર્જન થાય છે. કેટલાક લોકો નવરાત્રમાં વ્રત પણ કરે છે. નવરાત્રીમાં માતા દુર્ગા પાલકીમાં બેસી આવશે.દેવીપુરાણ અનુસાર જ્યારે માતા ગુરુવાર અથવા શુક્રવારે આવે છે, ત્યારે તે પાલખી માં બેસીને આવે છે. માતાની આ સવારી ખૂબ જ શુભ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે પાલખીમાં માતાજીના આગમન થી સુખ અને સમૃદ્ધિ આવે છે. ઘટસ્થાપન કરનારા આઠમ કે નોમને દિવસે કુમારીકાઓને ભોજન પણ કરાવે છે.આભોજન માં બેથી દશ વર્ષ ની ઉંમરની નવ કુમારિકાઓ હોય છે.આ કુમારી ઓનાં કલ્પિત નામ પણછે, જેમકે કુમારિકા,ત્રિભૂતિ કલ્યાણી રોહિણી કાલી, પંડિસ, સળવી, દુર્ગા અને સુભદ્રા. નવરાત્રમાં નવ દુર્ગામાંથી નિત્ય ક્રમવાર એક-એક દુર્ગાનું દર્શન કરવાનું પણ વિધાન છે.આપણે નવ દુર્ગાના સ્વરૂપ જોઈએ તો..(૧) શૈલ પુત્રી :-" માં દુર્ગાનું આ પહેલું સ્વરૂપ છે. હિમાલયમાંજન્મ લેવાથી તેમને શૈલપુત્રી કહે છે.તેમનું વાહન વૃષભ છે, જમણા હાથમાં ત્રિશૂળ અને ડબા હાથમાં કમળ ધારણ કર્યું છે. તેની શક્તિ અનંત અને અપાર છે. નવરાત્રિના પહેલા દિવસે આ માતાની ઉપાસના કરવામાં આવે છે. (૨) બ્રહ્મ ચારિણી :" બીજા દિવસે એટલે કે સોળમી તારીખે મા દુર્ગા ભવાની ના બ્રહ્મ ચારિણી સ્વરૂપ કે જેમના જમણાં હાથમાં માળા અને ડાબા હાથમાં કર્મંડળ ધારણ કર્યું છે તેની પૂજા થાય છે.તેની ઉપાસના થી વિય, ત્યાગ, વૈરાગ્ય તથા સંયમની વૃદ્ધિ થાય છે.(૩) ચંદ્ર ઘંટા :-"ત્રીજે દિવસે ચંદ્રઘંટા સ્વરૂપનું પુજન થાય છે. તેનુંવાહન સિંહ છે. આને દશભુજા ઓ છે. મસ્તક ઉપર અર્ધચંદ્ર છે. આની ઉપાસના થી વિપત્તિઓ નાશ પામે છે. અને નિર્ભય તથા પરા ક્રમી બનાવે છે. જીવનમાં થયું હતું. સુખ -શાંતિ પ્રાપ્ત થાય(૪) કુષ્માંડા :-" આ જ માતા, સૃષ્ટિની આધશક્તિ સ્વરૂપ છે. તેનું વાહન પણ સિંહ છે. આની ભક્તિથી આરોગ્યની વૃદ્ધિ થાય છે. તેને આઠભૂજાઓ છે. તેના હાથમાં ચક્ર, ગદા, અમૃતકળશ, કમળનું સિદ્ધિ પ્રદાન કરનારી માળા સ્કન્દ માતા-"સ્કન્દમાતાને ચારભૂજાઓ હાથ છે તેના પૂજનથી સમસ્ત ઈચ્છાઓની પૂર્તિ થાય છે,પાંચમે દિવસે આની પૂજા થાય છે.(૬) કાત્યાયની :- "આકાત્યાયની માં નું છઠ્ઠું સ્વરૂપ છે. મહર્ષિ કસ્યાયને સર્વપ્રથમ તેની ઉપાસના કરી હોવાથી તેનું નામ કાત્યાયની પડ્યું હતું. તેનું વાહન પણ સિંહ છે. અને તેને ચારભુજા ઓ છે. તેની પૂજાથી ધર્મ,અર્થ,કામ અને મોક્ષ ની પ્રાપ્તિ થાય છે.(૭) કાળરાત્રિ કાળરાત્રિ માનું સાતમું એક પ્રચલિત સ્વરૂપ છે તેનું સ્વરૂપ ભયાનક છે.તે ભક્તોને ડરાવતી નથી પરંતુ દુષ્ટોનો,પાપીઓનો વિનાશ કરે છે.તેનું સ્વરૂપ કાળા રંગનું- વિખારાયેલ વાળો, ગળામાં ભવ્યમાળાઓ વાળું છે. ડાબી બાજુના હાથમાં લોખંડની કટાર છે, ચેન હાથમાં તલવાર છે. ત્રિનેત્રધારી છે.દાનવ, દૈત્યો, ભૂત, પ્રેત વગેરે તેમના સ્મરણ માત્રથી ભાગી જાય છે.દૈત્ય રાક્ષસો સામે ના ક્રોધથી તેની જીભ પણ લાલ થઈ જાય છે.તેનો ક્રોધશાંત કરવા માટે ભગવાન શંકર નીચે પડી ગયા અને તેના પર પગ મુકવા થી તેનો ક્રોધ અને ક્યાયમાન સ્વરૂપ શાંત ક્લાક ચાલીસ મિનિટ(૮) મહાગૌરી :" મા દુર્ગાનું આ 'મહા ગૌરી આઠમું સ્વરૂપ છે.તેના વસ્ત્રો અને આભુષણ શ્વેત છે. વૃષભ ઉપર સવાર થયેલીમાં મહા ગૌરી અત્યંત શાંત.પાપ નાશને કરનારી છે. તેની કઠોર તપશ્ચર્યાથી તેનો રંગકાળો થઈ ગયો હતો પરંતુ શિવજીએ તેમના ઉપર પવિત્ર જળ છાટ્યું હતું. જેથી તે ગૌરવ ર્ણવાળા અને કાંતિવાન બની ગયા હતા જેથી તેને મહાગૌરી કહે છે તેની કૃપાથી અલૌકિક સિદ્ધિ ઓ પ્રાપ્ત થાય છે.(૯) સિદ્ધિદાત્રિઃ- આ માં દુર્ગાનું એ સિદ્ધિદાત્રિ નવમું સ્વરૂપ છે. તેને ચાર ભુજા ઓ છે તેનું વાહન સિંહ છે તેની સાધના કરવાથી બધી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. માઁ દુર્ગાના આ નવસ્વરૂપની આસ્થાથી સુખ- શાંતિ અને સમૃદ્ધિ તથા સંપત્તિની પ્રાપ્તિ થાય છે.નવરાત્રિ આ રીતે શક્તિપુજાનું મહાનપર્વ મનાય છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત નવલા નોરતાની સંપૂર્ણ તૈયારીઓ થઈ ગઈ છે. આજે સવારે ઘટસ્થાપન પછી રાત્રે ગરબાની રમઝટ થન ગનાટ તો અનોખો જ રહેવાનો. દશ દિવસ મેઘરાજા ખામૈયા કરે.. શક્તિનું પર્વ છે એટલે મા શક્તિ જ બધું સંભાળી લેશે..નોરતા ચાલુ થયાં છે તો થઈ જાય...એક ગરબો સાથીયા પુરાવો દ્વારે, દિવાડા પ્રગટાવો રાજ આજ મારે આંગણે પધારશે માં પાવાવાળી વાંઝિયાનો મેણો ટાળી રમવા રાજકુમાર દે માં, ખોળાનો ખુંદનાર દે..કુંવારી કન્યાને માડી મનગમતો ભરથાર દે માં, પ્રિતમજીનો પ્યાર દે.નિર્ધનને ધનધાન આપે, રાખે માડી સૌની લાજ આજ મારે આંગણે પધારશે માં પાવા વાળી કુમકુમ પગલા ભરશે માડી સાતે પેઢી તરશે. આદ્ય શક્તિ માં પાવા વાળી પીડા જનમ જનમની હરશે.. દે દે તાળી ગાઓ આજ વાજિંત્રો વગડાવો રાજ. આજ મારે આંગણે પધારશે માં પાવાવાળી. મા શક્તિની આરાધના ઉપાસના કરતા ગરબી ગરબા થકી આનંદ માણીએ તેવી શુભેચ્છા.. સહ

**હિંદુ પંચાંગ મુજબ નવરાત્રીના પ્રથમ દિવસે કળશ સ્થાપના કરવાની સાથે જવેરા વાવવામાં આવે છે, આજે ત્રીજી ઓક્ટોબરે સવારે ૬.૧૯ વાગ્યાથી સાંજે ૭.૨૩ વાગ્યા સુધી કળશ સ્થાપના માટે શુભ મુહૂર્ત છે. આ સાથે અભિજીત મુહૂર્ત સવારે ૧૧.૫૨થી બપોરે ૧૨.૪૦ વાગ્યા સુધી રહેશે, ઘટસ્થાપન મુહૂર્ત કળશ સ્થાપના પૂજાવિધિ નવરાત્રિ પર તમામ પ્રકારના શુભ કાર્ય કરી શકાય છે, માં દુર્ગા આ દિવસે ભક્તોના ઘરે આવે છે.**

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ‘દેવરા પાર્ટ ૧’ની સફળતાએ ટ્રાન્સફોર્મર્સને પણ પાછળ છોડી

# વર્લ્ડ વાઇડ કમાણીમાં બીજા નંબરે પહોંચી

જુનિયર એનટીઆરની ‘દેવરા પાર્ટ ૧’ને બોક્સ ઓફિસ પર તગડી શરૂઆત મળી છે. માત્ર ભારતમાં જ નહીં પણ કોરાતલા શિવાની આ ફિલ્મ વિશ્વ સ્તરે પણ ઘણો સારો દેખાવ કરી રહી છે. આ ફિલ્મને પહેલા જ અઠવાડિયે ઐતિહાસિક કમાણી મળી છે અને સૈફ અલી ખાન તેમજ જુનિયર એનટીઆરના વખાણ પણ થઈ રહ્યા છે. આ એક્શન ફિલ્મ પહેલા વીકેન્ડમાં કમાણી કરવામાં વર્લ્ડવાઈડ બીજા નંબરે આવી ગઈ છે. ‘દેવરા પાર્ટ ૧’ ૨૭ સપ્ટેમ્બરે થિએટરમાં રિલીઝ થઈ છે અને ફિલ્મમેકર્સે એક સ્ટેટમેન્ટમાં જણાવ્યું છે કે, આ ફિલ્મે પહેલા જ દિવસે દુનિયાભરમાંથી ૧૭૨ કરોડની કમાણી કરી છે. જ્યારે પહેલાં અઠવાડિયાના અંત સુધીમાં ૩૨.૯૩ મિલિયન ડૉલર એટલે કે ૨૭૫ કરોડની કમાણી કરી છે. જેનાથી તે વિશ્વસ્તરે ઐતિહાસિક રીતે સૌથી વધુ કમાણી કરનારી બીજી ફિલ્મ બની ગઈ છે. હવે દેવરા માત્ર ‘ધ વાઈલ્ડ રોબૉટ’થી એક ક્રમ પાછળ રહી છે, જેણે ૪૪ મિલિયન ડૉલરની કમાણી કરી હતી. જોકે, આ ફિલ્મનું એ પહેલું અઠવાડિયું નહોતું.






તેમની કમાણી પાછળના અઠવાડિયાઓમાં ઘટી હતી, જ્યારે દેવરા પાસે તો આવનારા દિવસોમાં હજુ વધારે કમાણી કરવાની તક છે. જોકે, દેવરાના કમાણીનાં આંકડાને લગતા અહેવાલોમાં તફાવત જોવા મળી રહ્યો છે. જો ઈન્ડિયાની બોક્સ ઓફિસ ટ્રેકિંગ સીસ્ટમના દાવા મુજબ ફિલ્મને સફળતા મળી રહી છે, એ વાત નકારી શકાય તેમ નથી. જોકે, ફિલ્મ મેકર્સનો દાવો છે કે આ ફિલ્મ વિશ્વસ્તરે ૩૦૦ કરોડ અને ભારતમાં ૨૦૦કરોડના લક્ષ્યને પાર કરી નાંખશે. કેટલાંક ટ્રેડ ટ્રેકર્સે થોડાં ઓછા આંકડા મુજબ દેવરાએ પહેલા વીકેન્ડમાં ભારતમાં ૧૬૧ કરોડની કમાણી કરી હોવાનું માને છે. રવિવારે તેમાં ૫ ટકાના ઉછાળા સાથે સ્થાનિક બજારમાં ૪૦ કરોડની કમાણી થયાની શક્યતા છે.

### કંગનાએ સેન્સર બોર્ડની કમિટી સાથે મીટિંગ કરી હતી

# સેન્સર બોર્ડના સૂચનો કંગનાએ સ્વીકાર્યા

સેન્સર બોર્ડ દ્વારા સોમવારે બોમ્બે હાઈકોર્ટને જાણ કરવામાં આવી હતી કે ‘ઈમરજન્સી’ ફિલ્મની પ્રોડ્યુસર અને લીડ એક્ટર કંગના રણોત સેન્સર બોર્ડની રીવાઈઝિંગ કમિટી દ્વારા સૂચવાયેલા કટ્સ અને ફેરફાર કરવા માટે સંમત થઈ ગઈ છે. બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ બર્ગીસ કોલાબાવાલા અને ફિરદોશ પૂનીવાલા ફિલ્મના કૉ-પ્રોડ્યુસર ઝી સ્ટુડિયોઝ દ્વારા ફાઈલ કરેલી ફિલ્મ રિલીઝ સર્ટિફિકેટ મેળવવા માટે કરેલી પિટિશન પર સુનાવણી કરી રહ્યા હતા. આગળની સુનાવણીમાં સેન્સર બોર્ડના વકીલ ડૉ.અભિનવ ચંદ્રચુડે બેંચને જણાવ્યું હતું કે રીવિઝિટિંગ કમિટીએ કેટલાંક કટ્સ સૂચવ્યા છે, જે પછી ફિલ્મ રિલીઝ કરી શકાશે. જેના પર ફિલ્મના પ્રોડ્યુસર્સે આ ફેરફાર કઈ રીતે કરવા તે વિચારવાનો સમય માગ્યો હતો. સોમવારની સુનાવણીમાં ઝી સ્ટુડિયોઝના વકીલ શરન જગતિયાણીએ બેંચને જણાવ્યું હતું કે






કંગનાએ સેન્સર બોર્ડની કમિટી સાથે મીટિંગ કરી હતી અને તે કટ તેમજ ફેરફાર કરવા માટે સંમત થઈ છે. “તેણે અમને ઈમેઈલ દ્વારા જાણ કરી છે કે તે સેન્સર બોર્ડને મળી છે અને કટ કરવા માટે સહમત થઈ છે. તેણે કહ્યું છે કે હવે આ બાબત કેની અને સેન્સર બોર્ડની વચ્ચે છે.” જોકે, વરિષ્ઠ વકીલે જણાવ્યું હતું કે આ આ કટનું પાલન કઈ રીતે કરવું એ નક્કી કરવામાં હજુ સમય લાગશે. વકીલ ચંદ્રચુડે બેંચને કહ્યું કે આ કટ્સથી ફિલ્મમાં માંડ એકાદ મિનિટ જેટલો ફેરફાર થશે. કારણ કે અહીં તહીં અમુક શબ્દોમાં જ ફેરફાર કરવાના છે.

# ડીપફેક વીડિયો રોકવા સરકારી નીતિ આવશ્યક

અનન્યા પાંડેએ એક રસપ્રદ ફિલ્મમાં કામ કર્યું છે,‘સીટીઆરએલ’. આ ફિલ્મ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર આધારીત છે. ત્યારે આઈફાની ગ્રીન કાર્પેટ વખતે અનન્યાએ આ સંદર્ભે તાજેતરમાં કહ્યું છે કે સરકારી વહીવટીતંત્રએ ટેક્નોલોજીનો દુરુપયોગ અટકાવવા માટે ચોક્કસ નીતિ ઘડવાની જરૂર છે. તાજેતરમાં જ આમિર ખાન, રણવીર સિંઘ, આલિયા ભટ્ટ અને રશ્મિકા મંદાના જેવા કલાકારો ડીપફેક વીડિયોનો શિકાર બની ચૂક્યા છે. આ સંદર્ભે અનન્યાએ કહ્યું,“આ બહુ ડરામણી સ્થિતિ છે. અમે લોકો પબ્લિક ફિગર છીએ તેથી અમારો અવાજ અને અમારા ચહેરાઓ દરેક સ્વરૂપે અનેક માધ્યમો પર ઉપલબ્ધ છે. મને ખ્યાલ નથી કે તેમાં અમે કઈ હદ સુધી બચી શકીએ તેમ છીએ. મને લાગે છે કે સરકારે કોઈ નીતિ ઘડવી જોઈએ, કદાચ હાલ એ એક જ રસ્તો છે.” ડીપફેક એવી એક ડિજિટલ પદ્ધતિ છે, જેમાં યુઝર મૂળ વ્યક્તિને બદલે બીજા વ્યક્તિને એઆઈની મદદથી સહજ રીતે મુકી શકે છે. ‘સીટીઆરએલ’ના ટ્રેલરમાં જોવા મળે છે કે અનન્યા એઆઈ એપ્લિકેશનને કહે છે કે તેના લવર જૉ (વિહાન સમ્રાટ)ને ‘ઈરેઝ’ કરવા કહે છે, કારણ કે તે જૉને ચીટિંગ કરતા પકડી પાડે છે. આ સાઈબર થ્રિલર ફિલ્મ ૪ ઓક્ટોબરથી નેટફિલક્સ પર સ્ટ્રીમ થશે. ડીપફેક એવી એક ડિજિટલ પદ્ધતિ છે, જેમાં યુઝર મૂળ વ્યક્તિને બદલે બીજા વ્યક્તિને એઆઈની મદદથી સહજ રીતે મુકી શકે છે, તે વિક્રમાદિત્ય મોટવાણે દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ વખતે અનન્યાએ બીજી વખત આઈફાના મંચ પરથી પરફોર્મન્સ આપ્યું હતું, તે અંગે તેણે કહ્યું હતું કે આ વખતે પહેલા વર્ષ કરતાં ઓછી નર્વસ હતી અને ફરી પર્ફોર્મ કરવાની ઈચ્છા થતી હતી.

### રોહિત શેટ્ટીએ રાઈટ્સ વેચીને જંગી કમાણી કરી લીધી

# સિંઘમ અગેઇન ફિલ્મને રિલીઝ થતાં પહેલાં જ રૂપિયા ૨૦૦ કરોડની આવક

રોહિત શેટ્ટીની ‘સિંઘમ’, ‘સિંઘમ અગેઈન’, ‘સિમ્બા’ અને ‘સૂર્યવંશી’ જેવી સફળ ફિલ્મો પછી કોપ યુનિવર્સનું નવું પ્રકરણ ‘સિંઘમ અગેઈન’ દિવાળી પર થિએટરમાં રિલીઝ થશે. રોહિત શેટ્ટીની આ ફિલ્મોને ‘એવેન્જર્સ ઓફ કોપ યુનિવર્સ’ કહેવાય છે. આ ફિલ્મમાં અજય દેવગન, કરીના કપૂર, રણવીર સિંઘ, અક્ષય કુમાર, દીપિકા પાદૂકોણ, ટાઈગર શ્રોફ, અર્જૂન કપૂર અને જેકી શ્રોફ મહત્વના રોલમાં જોવા મળશે. દસ દિવસમાં ફિલ્મનું ટ્રેઈલર રિલીઝ થઈ જશે. એ પહેલા રોહિત શેટ્ટીએ જિઓ સ્ટુડિઓઝ સાથે એક મોટી નોન થિએટ્રીકલ ડીલ કરી છે. આ પ્રક્રિયા સાથે સંકળાયેલાં સૂત્રોના જણાવ્યા અનુસાર, ‘સિંઘમ અગેઈન’ના સેટેલાઈટ રાઈટ્સ, ડિજિટલ રાઈટ્સ અને સંગીતના અધિકારોની કુલ મળીને લગભગ ૨૦૦ કરોડની ડીલ સાઈન કરવામાં આવી છે. “આ રોહિત શેટ્ટી અને અજય દેવગન બંનેની પહેલી આટલી મોટી નોન થિએટ્રીકલ ડીલ છે. રોહિત શેટ્ટીની ફિલ્મો ટીવી પર હંમેશા લોકપ્રિય રહી છે, તેથી તેની ફિલ્મોને સેટેલાઈટ રાઈટ્સની કમાણી હંમેશા મોટી જ હોય છે. તેથી ‘સિંઘમ અગેઈન’ને પણ ટીવી ચેનલો પ્રિમીયમ પ્રાઈઝ આપવા તૈયાર હતી. છેલ્લા બે દાયકામાં આવેલી ફિલ્મોમાં આ ફિલ્મમાં સૌથી મોટી કાસ્ટ છે. તેથી આ ફિલ્મ કમાણીના બધા જ રેકોર્ડ્ઝ તોડશે તેવી આશા છે.” સૂત્રએ આગળ જણાવ્યું,“આ ફિલ્મ માટે દરેક પ્રકારના માધ્યમો ઉત્સાહિત છે. તેમને વિશ્વાસ છે કે દરેક માધ્યમોમાં આ ફિલ્મને વ્યુઅરશિપ મળશે. કારણ કે રોહિત શેટ્ટી અને અજય દેવગનની ફિલ્મોએ હંમેશા સારા પરિણામ આપ્યા છે અને તેમની ફિલ્મો લોકો વિવિધ માધ્યમો પર એકથી વધુ વખત જુએ છે.” આ ફિલ્મ ૧ નવેમ્બરે રિલીઝ થઈ રહી છે. જેમાં આ વખતે રામાયણનો આધાર લેવામાં આવ્યો છે અને ફિલ્મના ઘણા દૃશ્યો શ્રીલંકામાં શૂટ કરવામાં થયા છે.





# દિગ્ગજ અભિનેતા રજનીકાંતની તબિયત અચાનક બગડી

## ચેન્નાઈ પોલીસના જણાવ્યા અનુસાર પેટમાં તીવ્ર દુખાવો ઉપડ્યા બાદ તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો



દિગ્ગજ અભિનેતા રજનીકાંત (૭૩)ની સોમવારે રાત્રે અચાનક તબિયત લથડી હતી. જે બાદ તેને ચેન્નાઈની અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ચેન્નાઈ પોલીસના જણાવ્યા અનુસાર પેટમાં તીવ્ર દુખાવો ઉપડ્યા બાદ તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. દેશના દિગ્ગજ અભિનેતા રજનીકાંત (૭૩)ની તબિયત સોમવારે મોડી રાત્રે અચાનક બગડી હતી. જે બાદ તેને ચેન્નાઈની અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ચેન્નાઈ પોલીસના જણાવ્યા અનુસાર તેને પેટમાં તીવ્ર દુખાવો ઉપડ્યા બાદ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોએ પુષ્ટિ કરી છે કે રજનીકાંતની હાલત સ્થિર છે. તમને જણાવી દઈએ કે રજનીકાંત અને અમિતાભ બચ્ચનની ફિલ્મ ‘વેટ્ટૈયન’નું ટ્રેલર ૨ ઓક્ટોબરે રિલીઝ થવા જઈ રહ્યું છે. આ ફિલ્મ ૧૦ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મના મેકર્સે હાલમાં જ રજનીકાંતનું નવું પોસ્ટર રિલીઝ કર્યું હતું, જેમાં તે ખૂબ જ સ્ટાઈલિશ લુકમાં જોવા મળી રહ્યો છે. ફિલ્મ ‘વેટ્ટૈયન’માં રજનીકાંત એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટના રોલમાં જોવા મળશે, જ્યારે અમિતાભ બચ્ચનનું પાત્ર એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટની સામે છે. આ ફિલ્મની બધા ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં ફરી એકવાર બંને દિગ્ગજ કલાકારોની જોરદાર એક્ટિંગ જોવાનો મોકો મળશે. ભારત સરકારે રજનીકાંતને વર્ષ ૨૦૦૦માં પદ્મ ભૂષણ અને તે પહેલા ૨૦૧૬માં પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા છે. આ સિવાય તેમને ભારતીય સિનેમામાં શ્રેષ્ઠતા માટે શેવેલિયર શિવાજી ગણેશન પુરસ્કાર મળ્યો છે. ૪૫મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા ૨૦૧૪માં તેમને ભારતીય ફિલ્મ વ્યક્તિત્વ માટે શતાબ્દી પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા ૨૦૧૯ની ૫૦મી આવૃત્તિમાં તેણીને આઈકોન ઓફ ગ્લોબલ જ્યુબિલી એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. તમિલ સિનેમાના ઈતિહાસમાં એમજી રામચંદ્રન પછી તે બીજા સૌથી વધુ કમાણી કરનારા અભિનેતા છે.

# શું ઈન્ડસ્ટ્રીના લોકો હિના ખાનની સફળતાથી ઈર્ષ્યા કરે છે?

ટીવીની કોમોલિકા હિના ખાન માટે આજનો દિવસ ખૂબ જ ખાસ છે. આજે હિના ખાન પોતાનો જન્મદિવસ સેલિબ્રેટ કરી રહી છે. આ ખાસ અવસર પર લોકો હિના ખાનને સતત શુભેચ્છા પાઠવી રહ્યા છે. ટીવી સ્ટાર્સ પણ આ દિવસોમાં હિના ખાન પર પ્રેમ વરસાવી રહ્યા છે. જોકે, એક સમય એવો હતો જ્યારે હિના ખાનને ઈન્ડસ્ટ્રીમાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. હિના ખાન કાશ્મીરની એક છોકરી હતી જેનું ઈન્ડસ્ટ્રીમાં કોઈ નહોતું. પછી એક સમય એવો આવ્યો જ્યારે હિના ખાન રાતોરાત સ્ટાર બની ગઈ. આ સ્ટારડમ હાંસલ કરવાનો પ્રયાસ કરતી વખતે હિના ખાન ઘણી વખત વિવાદોમાં ફસાઈ છે. ઘણી વખત લોકોએ હિના ખાન પર નિશાન સાધ્યું છે. આ રિપોર્ટમાં અમે તમને આવા જ ૭ વિવાદો વિશે જણાવવા જઈ રહ્યા છીએ. હિના ખાનને રાતોરાત તેના શોમાંથી બહાર કરી દેવામાં આવી હતી. એવું માનવામાં આવે છે કે નિર્માતાઓએ હિના ખાનને સિરિયલ યે રિશ્તા ક્યા કહેલાતા હૈના સેટમાંથી રાતોરાત બહાર કાઢી નાખી હતી.

# રાજકુમારની ફિલ્મમાં જાન્હવી કપૂર કે શ્રદ્ધા કપૂરના બદલે તૃપ્તિ ડિમરી કેમ પસંદ થઈ?

## ‘વિકી વિદ્યા કા વો વાલા વીડિયો’માં લીડ એક્ટ્રેસની પસંદગીના કારણો અંગે ડાયરેક્ટરે ખુલાસો કર્યો

રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂરની ‘સ્ત્રી ૨’ને અભૂતપૂર્વ સફળતા મળી છે, ત્યારે હવે રાજકુમાર રાવની વધુ એક અલગ પ્રકારની ફિલ્મ આવી રહી છે. જે ‘ડ્રીમ ગર્લ’ના ડિરેક્ટર રાજ શાંડિલ્ય દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. તેમણે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે તેમણે ‘વિકી વિદ્યા કા વો વાલા વીડિયો’ માટે તેમણે તૃપ્તિ પહેલાં ઘણા નામનો વિચાર કર્યો હતો. તેમણે નુસરત ભરુચા, જહાન્વી કપૂર, ભૂમિ પેડનેકર તેમજ રાજકુમારની ‘સ્ત્રી ૨’ની કૉ સ્ટાર શ્રદ્ધા કપૂરનો પણ વિચાર કર્યો હતો. જોકે, રાજકુમાર રાવ આ પહેલાં જહાન્વી, ભૂમિ, નુસરત અને શ્રદ્ધા સાથે કામ કરી ચૂક્યો છે તેથી પોતાની ફિલ્મમાં તાજગી લાવવા



માટે તેમણે તૃપ્તિને તક આપવાનો વિચાર કર્યો. તેમનો આ વિશ્વાસ સાચો પણ ઠર્યો, રાજકુમાર અને તૃપ્તિની ઓન સ્ક્રીન કેમેસ્ટ્રી અને ખાસ કરીને ગીત દર્શકોને ઘણું પસંદ પડ્યું છે. રાજે આ ઉપરાંત મલ્લિકા શેરાવતના કાસ્ટિંગ વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું,“તેમને સ્ક્રિપ્ટ ગમી અને તેણે કહ્યું કે તેને કોઈ આ પ્રકારના રોલ માટે કાસ્ટ કરે એની જ રાહ જોતી હતી.” રાજ શાંડિલ્યએ એમ પણ કહ્યું કે તેમણે આયુષ્યમાન ખુરાના સાથે ‘ડ્રીમ ગર્લ ૧’ અને ‘ડ્રીમ ગર્લ ૨’માં કામ કર્યું હોવાથી આ ફિલ્મમાં તેને લેવાનો પણ વિચાર કર્યો હતો. પરંતુ તેને આ ફિલ્મમાં કેમ ન લીધો તે અંગે તેણે કહ્યું,“અમે આયુષ્યમાન સાથે ‘ડ્રીમ ગર્લ ૧-૨’માં કામ કર્યું હોવાથી આ ફિલ્મ લખતી વખતે અમને થયું કે આ રોલ માટે રાજકુમાર વધારે સૂટ થાય છે. એવું નહોતું કે આયુષ્યમાન સૂટ નહોતો થતો પરંતુ રાજકુમાર આ પાત્રથી વધારે નજીક લાગ્યો. મારે ઘણા લાંબા સમયથી તેની સાથે કામ પણ કરવું હતું. બંને બહુ સારા કલાકારો છે અને મને વિશ્વાસ છે કે આવનારી ફિલ્મમાં આયુષ્યમાન જરૂર હશે.”

# ઉત્તમ પેરેન્ટિંગ માટે ચોક્કસ નીતિ અને નિયમ કે રૂલબૂક ન હોયઃ ઐશ્વર્યા રાય

## ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચનની દિકરી આરાધ્યા જન્મી ત્યારથી ઐશ્વર્યા કોઈ પણ જગ્યાએ જાય તો હંમેશા તેને સાથે રાખી છે

ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચનની દિકરી આરાધ્યા જન્મી ત્યારથી ઐશ્વર્યા કોઈ પણ જગ્યાએ જાય તો હંમેશા તેને સાથે રાખી છે, પછી તે કોઈ પણ ઈવેન્ટ કે કોઈ પણ ફંક્શન હોય. ધીરે ધીરે આરાધ્યા પણ હવે તેની માતાનો પડછાયો બનીને હંમેશા ડ્રેસ કોઓર્ડિનેશનમાં માતા સાથે જોવા મળે છે. તાજેતરમાં જ ઐશ્વર્યા રાય બચ્ચન અબુ ધાબી ખાતે દિકરી આરાધ્યા સાથે આઈફા એવોર્ડની ઈવેન્ટમાં પહોંચી હતી. તેઓ બંને જ્યાં પણ જાય ત્યાં તેમનો વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ જતો હોય છે. ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચનની દિકરી આરાધ્યા જન્મી ત્યારથી ઐશ્વર્યા કોઈ પણ જગ્યાએ જાય તો હંમેશા તેને સાથે રાખી છે. ત્યારે તાજેતરમાં ગ્રીન કાર્પેટ પર ઐશ્વર્યાને દિકરીઓની માતાઓને તે ઉછેર અંગે શું સલાહ આપવા માગશે, તેવું પૂછવામાં આવ્યું હતું. આ પ્રશ્નના જવાબમાં ઐશ્વર્યાએ કહેલું,“સાંભળો, તમે માતા છો, તમે જે જાણો છો અને તમારી દિકરી માટે તમે જે કરો છો તે શ્રેષ્ઠ જ છે. આપણે બધાં જ માણસ છીએ, આપણે એકબીજા સાથે બેસીને સલાહ નથી આપવાના કે એકબીજાને બધું કહેવાના નથી. કારણ કે આપણે કોઈ ચોક્કસ નીતિ નિયમ કે રૂલબૂક સાથે નથી જન્મ્યા. તમે જે કરતા હશો એ જ કરશો અને તમે તમારી દિકરી સાથે શ્રેષ્ઠ જ કરશો. બસ બધાને પ્રેમ અને આશીર્વાદ.” ત્યાર બાદ ઐશ્વર્યાને પૂછવામાં આવેલું કે આરાધ્યા હંમેશા તેની સાથે હોય છે તો તે હંમેશા શ્રેષ્ઠ ગુરુ પાસેથી જ શીખતી હશે. જેના જવાબમાં ઐશ્વર્યાએ કહેલું, “એ મારી દિકરી છે, તો એ હંમેશા મારી સાથે જ રહેવાની ને.” અભિષેક બચ્ચન હાલ અક્ષય કુમાર, રિતેશ દેશમુખ, ડિનો મોરિયા અને જેકલીન ફર્નાન્ડિઝ સાથે ‘હાઉસફુલ-૫’ના શૂટિંગમાં વ્યસ્ત છે. જ્યારે ઐશ્વર્યાએ છેલ્લે મણી રત્નમની ‘પીએસ ૨’માં કામ કર્યું છે અને ફૅન્સ તેની આગામી ફિલ્મની રાહ જોઈ રહ્યા છે.



### મિસ્ટ્રી થ્રિલરમાં ક્રિતિ સેનન પહેલી વાર ડબલ રોલમાં જોવા મળશે

# કાજોલ દેવગન-ક્રિતિ સેનનની મિસ્ટ્રી થ્રિલર ‘દો પત્તી’ની રિલીઝ ડેટ જાહેર

## આ ફિલ્મના મેકર્સ દ્વારા એક ખાસ વીડિયો બનાવવામાં આવ્યો છે, જેના દ્વારા આ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે

ક્રિતિ સેનન અને કાજોલ પહેલી વાર ‘દો પત્તી’માં એક સાથે જોવા મળશે. આ એક મિસ્ટ્રી થ્રિલર ફિલ્મ છે, જેમાં ક્રિતિ ડબલ રોલમાં જોવા મળશે. આ ફિલ્મના મેકર્સ દ્વારા એક ખાસ વીડિયો બનાવવામાં આવ્યો છે, જેના દ્વારા આ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. ૨૫ ઓક્ટોબરે ‘દો પત્તી’ નેટફ્લિક્સ પર રિલીઝ થવાની છે. સોમવારે નેટફ્લિક્સ ઈન્ડિયા દ્વારા એક પ્રમોશનલ વીડિયો શેર કરવામાં આવ્યો છે. આ શોર્ટ વીડિયોની શરૂઆત એક એવા સીનથી થાય છે, જ્યાં કાજોલ એક કૅફેમાં બેસેલી હોય છે તે કેપેચિનો માંગે છે અને ત્યાં એને ક્રિતિ સેનન દેખાય છે. રસપ્રદ વાત એ છે કે આ ફિલ્મમાં કાજોલ એક પોલીસ ઓફિસરનો રોલ કરી રહી છે. તેમજ ક્રિતિ ડબલ રોલ કરી રહી છે. આ વીડિયોમાં ક્રિતિ કાજોલની નજરમાંથી બચતી જોવા મળે છે, પણ કાજોલ ક્રિતિ સામે બંદૂક તાકે છે અને તેને પ્રશ્નો પૂછે છે.તેના જવાબમાં ક્રિતિ જણાવે છે કે તે જીમમાં હતી, પરંતુ કાજોલ તેની ઉલટતપાસ ચાલુ રાખે છે અને તેને યાદ કરાવે છે કે પાપરાઝીએ તેને અઢી વાગે એક સેલોનની બહાર કૅમેરામાં કેદ કરી હતી. વીડિયોના અંતે આદેશ આપતી હોય એમ ક્રિતિને સાચું રહસ્ય જાહેર કરવા કહે છે, જેના જવાબમાં ક્રિતિ ફિલ્મની રિલીઝ ડેટ એટલે કે ૨૫ ઓક્ટોબર ૨૦૨૪ કહે છે. આ વીડિયો પોસ્ટ કરતા કૅપ્શનમાં લખવામાં આવ્યું હતું, ‘અબ હોગા ખેલ શુરુ, લેકિન ઈસ કહાની કે હૈ દો પહેલુ, દો પત્તી રિલીઝ થાય છે ૨૫ ઓક્ટોબરે માત્ર નેટફ્લિક્સ પર.’ આ જાહેરાત થતાં જ કાજોલ અને ક્રિતિના ફૅન્સ દ્વારા ઉત્સાહમાં પોસ્ટ પર અનેક કમેન્ટ કરવામાં આવી હતી. બે અલગ-અલગ પેઢીની એક્સ્ટ્રેસના લીડ રોલ ધરાવતી આ ફિલ્મ શશાંક ચતુર્વેદી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. કાજોલ તેની કૅરિઅરમાં પહેલી વખત આ પ્રકારનો રોલ કરતી જોવા મળશે. ક્રિતિ પણ પહેલી વખત ડબલ રોલ કરી રહી છે.



# આરોગ્ય મંત્રીના હસ્તે ૧૦ નવી ફૂડ સેફટી ઓન વ્હીલ્સની 'મોબાઈલ ટેસ્ટીંગ વાન'નું પણ લોકાર્પણ કરાયું

## એમ્બ્યુલન્સની કાર્યક્ષમતા અને ગુણવત્તા વધારવા રાજ્ય સરકારે ૧૦૮ના વાહનોને અધતન ટેકનોલોજીથી સુસજ્જ કર્યા : આરોગ્ય મંત્રીઋષિકેશ પટેલ



। (માહિતી) ગાંધીનગર, તા.૨ ।
ગુજરાતના નાગરિકોની આરોગ્ય સેવામાં વધારો કરતા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ગાંધીનગર ખાતેથી ૧૦૦ નવી '૧૦૮ એમ્બ્યુલન્સ'ને ફ્લેગઓફ આપી પ્રસ્થાન કરાવી નાગરિકોની સેવામાં કાર્યરત કરી હતી. સાથે જ, મંત્રીશ્રી ઋષિકેશ પટેલે આરોગ્ય વિભાગના ICU ઓન વ્હીલ્સ માટેના નવા ૩૮ વાહનોનું તેમજ ફૂડ સેફટી ઓન વ્હીલ્સની ૧૦ નવી મોબાઈલ ટેસ્ટિંગ વાનનું પણ લોકાર્પણ કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં અત્યારે ૮૦૦ જેટલી '૧૦૮ એમ્બ્યુલન્સ' કાર્યરત છે. જેમાં જૂની એમ્બ્યુલન્સને તબદીલ કરીને આ ૧૦૦ નવી એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવી છે. જ્યારે, નવી ૩૮ ICU ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ કાર્યરત થતા, હવે રાજ્યભરમાં ૮૩૮ જેટલી એમ્બ્યુલન્સ નાગરિકોની આરોગ્યલક્ષી સેવામાં કાર્યરત થશે. આ ઉપરાંત ગુજરાતમાં હાલ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ફૂડ સેફટી ઓન વ્હીલ્સની ૨૨ મોબાઈલ ટેસ્ટીંગ વાન કાર્યરત છે. કેન્દ્ર સરકાર દ્વારા વધુ ૧૦ વાહનોની ફાળવણી કરવામાં આવતા હવે ગુજરાતમાં ૩૨ જેટલી ફૂડ સેફટી ઓન વ્હીલ્સની મોબાઈલ ટેસ્ટીંગ વાન કાર્યરત થશે.

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરુ કરેલી આરોગ્યલક્ષી ૧૦૮ ઈમરજન્સી સેવાનું માળખું આજે અન્ય રાજ્યો માટે એક આદર્શ મોડલ તરીકે પ્રસ્થાપિત થયું છે. ૧૦૮ સેવાના વ્યાપ તેમજ એમ્બ્યુલન્સ વાહનોની કાર્યક્ષમતા અને ગુણવતા વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૯ કરોડથી વધુના ખર્ચે નવી ૧૩૮ જેટલી એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવી છે. આ એમ્બ્યુલન્સો તમામ અધતન ટેકનોલોજીથી સુસજ્જ કરવામાં આવી છે, જે કટોકટીના સમયે નાગરિકોને આરોગ્યલક્ષી સેવાઓ ગણતરીના સમયમાં જ પૂરી પાડશે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ICU ઓન વ્હીલ્સની મદદથી તેમાં ઉપલબ્ધ જીવન બચાવવા માટેના જરૂરી અધતન ઉપકરણો, સંશાધનોનો ઉપયોગ કરીને દર્દીને પ્રિ-હોસ્પિટલ સારવાર અને સંભાળ પૂરી પાડી ઝડપથી હોસ્પિટલ સુધી પહોંચાડી શકાશે. આ વાહનોને વેન્ટિલેટર, ડિફિબ્રિલેટર અને મલ્ટિપેરામીટર મોનિટર, ECG મશીન અને સિરીંજ પંપ જેવી વિવિધ એડવાન્સ્ડ લાઈફ સપોર્ટ સિસ્ટમ્સ ઉપરાંત જીવન બચાવવા જરૂરી દવાઓ, પ્રશિક્ષિત પેરામેડિક્સ સ્ટાફ, ડ્યુટી સ્ટ્રેચર અને ડીઝીટલ ઓક્સીજન ડીલીવરી, અધતન ઓક્સિજન ડિલિવરી સિસ્ટમ જેવી અધતન સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યા છે.

# PHC થેરકા ખાતે જન આરોગ્ય સમિતિની મીટીંગ યોજવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।
PHC થેરકા ખાતે તાલુકા હેલ્થ ઓફિસર તુષાર ભાભોરના અધ્યક્ષ સ્થાને જન આરોગ્ય સમિતિની મીટીંગ યોજાઈ. તેમજ આરોગ્ય લક્ષી સેવાઓ અને યોજનાઓ અંગે ચર્ચા કરવામાં આવી. ટીબી મુક્ત ગ્રામ પંચાયત અને અતિ જોખમી સગર્ભા માતાઓને મળતી નાંણાકીય સહાય તથા તેઓની ડિલિવરી ઝાયડસ હોસ્પિટલ દાહોદ ખાતે થાય તે વિશે ગામના આગેવાનો ને સલાહ આપવામાં આવી.

# ઝાલોદ નગરમાં નવરાત્રીના પવિત્ર દિવસો દરમિયાન મટનની દુકાનો અને કતલખાના બંધ રાખવા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા માંગ કરાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।
ઝાલોદ નગરમાં ગેરકાયદેસર રીતે ચાલતી માંસ મટનની દુકાનો તેમજ કતલખાનાઓ ધમધમી રહેલ છે. સરકાર દ્વારા લાયસન્સ વગર ગેરકાયદેસર રીતે માંસ મટની દુકાનો ચલાવવી એ ગુનો બને છે તેવું જાહેરનામું પાડવામાં આવેલ છે છતાંય કેટલાક વિસ્તારો માં સરકાર દ્વારા જાહેર પાડવામાં આવેલ આવા જાહેરનામાને ઘોળીને પી ગયેલ હોય તેમ લાગે છે અને બિન્દાસ રીતે ખુલ્લેઆમ માંસમટનની દુકાનો ચલાવી રહેલ છે. આવી દુકાનો બંધ કરાવવા માટે કેટલીય વાર માંગ કરવા છતાંય આવી દુકાનો ચાલે છે અને તેથી હિન્દુ સમાજના લોકો દ્વારા મોટા ઉત્સવમા માંસ મટનની દુકાનો બંધ કરવા માંગ કરવામાં આવે છે. ઝાલોદ સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા આજરોજ તારીખ ૦૧-૧૦-૨૦૨૪ મંગળવારના રોજ મામલતદાર કચેરીએ જઈ નવરાત્રીના પવિત્ર દિવસોમાં માંસમટનની દુકાનો સદંતર બંધ રાખવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. ઝાલોદ નગરમાં કેટલાક વિધર્મીઓ દ્વારા હિન્દુ દેવી દેવતાઓના ભળતા નામથી ખાણી પિણીની દુકાનો ચલાવવામાં આવી રહેલ છે હિંદુ દેવી દેવતાઓના ભળતા નામથી વિધર્મીઓ પોતાની વાસ્તવિક ઓળખ છૂપાવી વ્યાપાર કરતા સમગ્ર હિન્દુ સમાજમા રોષ જોવા મળે છે અને હિન્દુ નામથી વ્યાપાર કરતા હિન્દુ સમાજના લોકો દ્વારા માંગ કરવામાં આવેલ છે કે ખાણી પીણી ની આવી દુકાનો વાળા પોતાની વાસ્તવિક ઓળખ સાથે વ્યાપાર કરે તેવી માંગ કરવામાં આવી હતી.

# ઝાલોદ નગર સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।
સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ ઝાલોદ નગર દ્વારા ગાંધી જયંતી નિમિત્તે સ્વચ્છતા અભિયાન દ્વારા રામસાગર તળાવ કિનારે આવેલ રામેશ્વર મહાદેવ મંદિરની બહાર તળાવની પાળ થી જતા માર્ગની સાફ સફાઈ કરી સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવક બોર્ડ ઝાલોદનગર સંયોજક દેવ પીઠાયા અને તાલુકા સંયોજક અભયભાઈ ભાટિયા, મનીષભાઈ પંચાલ તેમજ અન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાયત્રી શક્તિપીઠ લીમડી દ્વારા સર્વ પિતૃ શ્રાદ્ધ તર્પણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।
આજરોજ સર્વ પિતૃ શ્રાદ્ધ તર્પણ કાર્યક્રમ ગાયત્રી શક્તિપીઠ લીંમડી મુકામે સવારના ૯:૩૦ થી૧૧:૩૦ દરમિયાન રાખવામાં આવેલ હતો. ૭૦ જેટલા ભાઈ બહેનોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન શ્રાદ્ધ તર્પણ વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવેલ હતું. તમામ ભાઈ બહેનોને જીવન ઉપયોગી સાહિત્યનું વાંચન કરવું, સામાજિક પ્રવૃત્તિઓમાં સહકાર આપવો, યુગ નિર્માણ યોજનામાં ભાગીદાર થવું, સારી પ્રવૃત્તિઓમાં જોડાવું અને ખરાબ પ્રવૃત્તિઓથી દૂર રહેવું, લોકો સુધી સારા વિચારો પહોંચાડવા પ્રયત્ન કરવો જેની વિગતવાર માહિતી આપવામાં આવેલ છે.

# સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ ઝુંબેશ અંતર્ગત Cleanliness Target (CTU)ના સંપૂર્ણ પરિવર્તન માટે સિંગરવા ગ્રામ પંચાયત કચેરીએ સમગ્ર જિલ્લામાં પ્રથમ પુરસ્કાર મેળવ્યો



। (માહિતી) અમદાવાદ, તા.૨ ।
ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે અમદાવાદના પંડિત દીનદયાળ ઓડિટોરિયમ ખાતે આયોજિત 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત તથા ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં સ્વચ્છતાના ધ્યેયોને સાકાર કરવા માટે સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ ઝુંબેશ અંતર્ગત Cleanliness Target Unit (CTU)ના સંપૂર્ણ પરિવર્તન માટે સિંગરવા ગ્રામ પંચાયત કચેરીએ પ્રથમ પુરસ્કાર મેળવ્યો હતો. આ પ્રસંગે સિંગરવાના તલાટી કમ મંત્રી શ્રી વિજયભાઈ નિનામાને ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નર શ્રી થેન્નારસન, કલેક્ટર શ્રી તથા ડીડીઓશ્રી વિદેહ ખરે, સાંસદ સભ્યશ્રી અને ધારાસભ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ તાલુકાના આઈ.સી.ડી.એસ શાખા દ્વારા સ્થાપના દિન અને ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।
ઝાલોદ તાલુકાના આઈ. સી.ડી.એસ. શાખાના સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીના માર્ગદર્શન થી તમામ આંગણવાડી કેન્દ્રો પર આઈ.સી.ડી.એસ સ્થાપના દિવસ તેમજ ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી જેમાં બાળકોને ગાંધીજીના વેશભૂષા કરાવવામાં આવી અને સ્થપના દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં ઝાલોદ તાલુકાના સી.ડી.પી.ઓ નીલુંબેન, pse ઈન્ટક્તર, મુખ્ય સેવિકા, વાલીઓ ઉપસ્થિત રહી ઉજવણી કરી બાળકોમાં હર્ષોલ્લાસ વધારવામાં અને સ્વચ્છતા વિશે માતાઓને સમજ આપવામાં આવી હતી.

# ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે અમદાવાદ ખાદી સરિતા કેન્દ્રની મુલાકાત લીધી







। (માહિતી) અમદાવાદ, તા.૨ ।
ગુજરાતના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે અમદાવાદ ખાદી સરિતા કેન્દ્રની મુલાકાત લીધી હતી. જેમાં તેમણે ખાદીના વસ્ત્રો તેમજ ખાદી બનાવટની ચીજ વસ્તુઓની ખરીદી કરી હતી અને લોકોને પણ સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી કરવા માટે પ્રેરણા આપી હતી. તેમણે ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે ગાંધીજીના જીવન મૂલ્યો વિશે સંવાદ કર્યો હતો તેમજ સ્વદેશી ચીજવસ્તુઓને પ્રોત્સાહન આપી આત્મનિર્ભર ભારતના સૂત્રને સમજાવ્યું હતું. મંત્રીશ્રીએ ખાદી સરિતા કેન્દ્ર ખાતે ચરખો કાંત્યો હતો અને ગાંધી જન્મજયંતી નિમિત્તે વિદ્યાર્થીઓને પણ સ્વખર્ચે ખાદીના વસ્ત્રો અપાવ્યા હતા. આ પ્રસંગે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના મંત્રી શ્રી પરાગભાઈ ત્રિવેદી, અમદાવાદ ખાદી સરિતા કેન્દ્રના સંચાલક શ્રી કમલેશભાઈ પટેલ, ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથપાલ તેમજ ગુજરાત યુનિવર્સિટી-ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મદદનીશ નિયામક રોજગારની કચેરી, અમદાવાદ દ્વારા જિલ્લા કક્ષાનો મેગા ભરતી મેળો યોજાયો

## સાંસદ હસમુખ પટેલ તથા ધારાસભ્ય ડો.પાયલબહેન કુકરાણી રહ્યા ઉપસ્થિત



। (માહિતી) અમદાવાદ, તા.૨ ।
શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, નિયામકશ્રી રોજગાર અને તાલીમના તાબા હેઠળની મદદનીશ નિયામક રોજગારની કચેરી, અમદાવાદ દ્વારા જિલ્લા કક્ષાનો મેગા ભરતી મેળો યોજાયો હતો જેમાં મુખ્ય મહેમાન તરીકે સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ અને ધારાસભ્ય શ્રી ડો.પાયલબહેન કુકરાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ રોજગાર મેળામાં ૧૪૮૧ જેટલા યુવાનો હાજર રહ્યા હતા. જિલ્લાની ૨૩ અગ્રગણ્ય કંપનીઓ દ્વારા આશરે ૧૫૭૦ જેટલી જગ્યાઓ માટે પસંદગી કરવામાં આવી હતી જેમાં ૧૨૭૩ યુવાનોની પસંદગી કરવામાં આવી હતી. આ ભરતી મેળામાં પ્રતીકાત્મક સ્વરૂપે પસંદગી પામેલા ૧૦ જેટલા યુવાનોને સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ તથા ધારાસભ્ય શ્રી ડો. પાયલબહેન કુકરાણીના હસ્તે નિમણુકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અગ્રગણ્ય કંપનીઓ દ્વારા આઈટીઆઈ કુબેરનગરના ૧૦૪૫ તાલીમાર્થીઓને તાલીમ પૂર્ણ થયે પહેલા જ રોજગારી પ્રદાન કરવામાં આવી હતી.

આ રોજગાર મેળા પ્રસંગે સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ કહ્યું હતું કે, ગુજરાત દેશમાં સૌથી વધુ રોજગારી આપતું રાજ્ય છે. તેમણે સૌ યુવાનોને શુભકામનાઓ પાઠવી હતી.

ધારાસભ્ય શ્રી ડો.પાયલબહેન કુકરાણીએ યુવાનોના રોજગારી માટે ઉપયોગી અનુબંધમ પોર્ટલ વિશે વાત કરી હતી.

# દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા નવરાત્રી પર્વની ભગવામય હાર્દિક શુભકામના પાઠવવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।
આજ રોજ દાહોદ જિલ્લાના આસ્થાના કેન્દ્ર સમાન શ્રી પંચમુખી હનુમાનજી મંદિર પાલ્લી (લીમખેડા)ના આદરણીય મહંતશ્રી સુરેશદાસજી મહારાજ અને દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા માં જગદંબાના પવિત્ર અને પાવન પર્વ નવરાત્રી મહાપર્વ ની ભગવામય હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી. સાથે-સાથે ભારતીય સંસ્કૃતિનાં પહેરવેશ, રીત રિવાજો મુજબ આધ્યાત્મિક રીતે નવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવા પણ અપીલ કરવામાં આવી.

# આજનું રાશિ ભવિષ્ય.....



### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે? નિકટનું સ્વજન વધુ ધ્યાન માગી શકે છે, જો કે આ બાબત મદદરૂપ અને તમારી દરકાર કરનારૂં પુરવાર થશે. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે. અનુભવી લોકો સાથે આજે જોડાણ કરજો અને તેઓ શું કહે છે તેમાંથી શીખો.



### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવામાં સમસ્યાઓ આવી શકે છે. બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય.



### મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે- પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.



### કર્ક (ડ,હ) :

આજના દિવસે આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. બાળકો તમારૂં ધ્યાન માગે છે પણ બદલામાં ખુશીઓ આપે છે. આજે તમને તમારા મિત્રની ગેરહાજરીમાં તેની સુવાસ વર્તાશે.



### સિંહ (મ,ટ) :

આજના દિવસે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમે જાણતા હો એવા લોકો પર જો આજે તમે કોઈપણ નિણર્ણય થોપવાનો પ્રયાસ કરશો-તો તમે તમારા હિતોને જ નુકસાન કરશો-ધીરજપૂર્વક પરિસ્થિતિ સાથે કામ લેવું એ એકમાત્ર બાબત જ તમને અનુકુળ પરિણામો તરફ દોરી જશે.



### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. તમારા એકધારા સમયપત્રકમાંથી સમય કાઢી મિત્રો સાથે બહાર જવાની જરૂર છે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે. કામના સ્થળે તમે મોટા લાભ મેળવશો.



### તુલા (ર,ત) :

આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.



### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે.



### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.



### મકર (ખ,જ) :

આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.



### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે.



### મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. તમારા માતા-પિતાની તબિયત ચિંતા તથા બેચેની જન્માવશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે સફળતાભર્યો દિવસ કેમ કે લાંબા સમયથી જેની વાટ જોવાતી હતી તે નામના તથા સ્વીકૃતિ તેમને મળશે.

# ઈરાને બહુ મોટી ભુલ કરી દીધી, તેની કિંમત તો ચૂકવવી પડશે

## નેતન્યાહુએ કહ્યું કે ગઈકાલની સાંજે ઇઝરાયેલ પર ઈરાનનો હુમલો "નિષ્ફળ" હતો, તેમણે કર્યું કે અમારા સમર્થન માટે અમેરિકાનો આભાર માન્યો



। નવી દિલ્હી, તા.૨ ।

ઈરાનના મિસાઈલ હુમલા બાદ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કહ્યું કે ઈરાને મિસાઈલ છોડીને મોટી ભૂલ કરી છે. જેરુસલેમમાં સુરક્ષા કેબિનેટની બેઠક દરમિયાન તેમણે કહ્યું કે ઈરાને તેની કિંમત ચૂકવવી પડશે. નેતન્યાહુએ કહ્યું કે ગઈકાલની સાંજે ઈઝરાયેલ પર ઈરાનનો હુમલો "નિષ્ફળ" રહ્યો હતો. તેમણે કર્યું કે અમારા સમર્થન માટે અમેરિકાનો આભાર માન્યો છે. તેમણે કહ્યું કે વિશ્વમાં સૌથી વધુ આધુનિક ઈઝરાયેલની એર ડિફેન્સ છે, જેના થકી અમે ઈરાનના હુમલાને નિષ્ફળ બનાવ્યો છે. ઈઝરાયેલના અધિકારીઓના જણાવ્યા અનુસાર આ હુમલામાં લગભગ ૨૦૦થી વધુ મિસાઈલો છોડવામાં આવી હતી. ઈઝરાયેલી સંરક્ષણ દળોએ જણાવ્યું હતું કે તેમાંથી સંખ્યાબંધ મિસાઈલોને તોડી પાડી હતી, જો કે વેસ્ટબેન્કમાં એક પેલેસ્ટિનિયનનું મૃત્યુ થયું હતું અને બે ઈઝરાયેલીઓ ઘાયલ થયા હતા કારણ કે આ વિસ્તારમાં છરા અને મિસાઈલનો કાટમાળ પડ્યો હતો, જેના કારણે નુકસાન થયું હતું અને આગ લાગી હતી. વિસ્ફોટોનો અવાજ આખા ઈઝરાયેલમાં સંભળાયો હતો. જેરુસલેમ અને જોર્ડન ખીણમાંથી જીવંત પ્રસારણ દરમિયાન ટેલિવિઝનના પત્રકારો જમીન સૂઈ ગયા હતા જેથી હુમલાથી બચી શકાય. મધ્ય ઈઝરાયેલના ગેડેરામાં એક શાળા પર મિસાઈનો વિસ્ફોટ થયો હતો. જોકે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી. હોમ ફ્રન્ટ કમાન્ડના વડા મેજર જનરલ રફી મિલોએ અસરગ્રસ્ત સ્થળની મુલાકાત લીધી હતી. ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયેલ અનુસાર, IDF એ કહ્યું કે ઈઝરાયેલની હવાઈ સંરક્ષણ અત્યંત અસરકારક છે. સૈન્યના જણાવ્યા અનુસાર, યુએસએ સમય પહેલા ઈરાન તરફથી ખતરો શોધીને અને કેટલીક મિસાઈલોને અટકાવીને ઈઝરાયેલને સુરક્ષિત કરવામાં મદદ કરી હતી. IDFએ જણાવ્યું હતું કે મધ્ય ઈઝરાયેલમાં અલગ-અલગ અસરો છે. દક્ષિણ ઈઝરાયેલ વધુ અસરગ્રસ્ત છે. એ પણ કહ્યું કે આ હુમલામાં ઈઝરાયેલની એરફોર્સની ક્ષમતાને કોઈ નુકસાન થયું નથી. IAF એરક્રાફ્ટ, એર ડિફેન્સ અને એર ટ્રાફિક કંટ્રોલ સામાન્ય રીતે કામ કરી રહ્યા છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાક્ચીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ લખી હતી, જેમાં લખ્યું કે ઈરાનને ઈઝરાયેલ વિરુદ્ધ આત્મરક્ષા કરી છે, અને જ્યાં સુધી ઈઝરાયેલી શાસન આગળ જવાબી કાર્યવાહી કરવાનો નિર્ણય નથી કરતો, ત્યાં સુધી અમે હુમલો નહીં કરીએ. સશસ્ત્ર દળોએ કહ્યું કે ઈઝરાયલને ટેકો આપતા દેશો દ્વારા સીધા હસ્તક્ષેપની સ્થિતિમાં તેઓ ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના સશસ્ત્ર દળો દ્વારા શક્તિશાળી હુમલાનો સામનો કરવો પડશે.

### હુમલા બાદ ભારતીય દૂતાવાસે એડવાઈઝરી જાહેર કરી

ઈરાને ઈઝરાયલ પર લગભગ ૨૦૦થી વધુ મિસાઈલો છોડી છે. સમગ્ર ઈઝરાયલમાં અરાજકતાનું વાતાવરણ છે અને નાગરિકોના જીવ જોખમમાં છે. આ ગંભીર સ્થિતિને જોતા ભારતે પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી છે.

જેમાં ઈઝરાયલમાં રહેતા ભારતીયોને સલામત સ્થળે રહેવાની સલાહ આપવામાં આવી છે. ઈઝરાયલના તેલ અવીવમાં ભારતીય દૂતાવાસે ત્યાં રહેતા ભારતીયોની સુરક્ષા માટે એડવાઈઝરી જાહેર કરી છે. ગંભીર સ્થિતિને જોતા ભારતે ઈઝરાયલમાં પોતાના ૩૨,૦૦૦ નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી છે. ભારતે એક હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યો છે.

જેથી નાગરિકોને કોઈ પણ પ્રકારની સહાયની જરૂર હોય તો તાત્કાલિક મદદ મળી શકે. ઈરાનના હુમલા વચ્ચે તેલ અવીવમાં ભારતીય દૂતાવાસ દ્વારા જાહેર કરેલી એડવાઈઝરીમાં ભારતીય લોકોને સાવધાન કરવામાં આવ્યા છે. એડવાઈઝરીમાં લખવામાં આવ્યું છે કે, 'વિસ્તારની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને ઈઝરાયલમાં તમામ ભારતીય નાગરિકોને સતર્ક રહેવાની સલાહ આપવામાં આવે છે. દરેક વ્યક્તિએ સ્થાનિક અધિકારીઓની સલાહ મુજબ સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવું જોઈએ. એડવાઈઝરીમાં આગળ લખ્યું છે કે, 'કૃપા કરીને સાવધાન રહો, બિનજરૂરી મુસાફરી ટાળો અને સુરક્ષિત આશ્રયસ્થાનોની નજીક રહો.

એમ્બેસી પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે અને અમારા તમામ નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે ઇઝરાયલી સત્તાવાળાઓ સાથે નિયમિત સંપર્કમાં છે.

આ તમામ જરૂરી માહિતીની સાથે ભારતીય દૂતાવાસે ઈઝરાયલમાં રહેતા ભારતીય લોકો માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યો છે. એમ્બેસીએ લોકોને ઈમરજન્સીના કિસ્સામાં સંપર્ક કરવા માટે બે નંબર જાહેર કર્યા છે, જે હંમેશા ઉપલબ્ધ રહેશે. આ બે નંબરો છે +૯૭૨-૫૪૭૫૨૦૭૧૧ અને +૯૭૨-૫૪૩૨૭૮૩૯૨.

---

**ન્યૂઝ બ્રિફ**

### ઉત્તર પ્રદેશમાં રિકવરીનો ટાર્ગેટ પૂરો નહીં થતાં મેનેજરે જીવન ટૂંકાવ્યું

। (એજન્સી) ઝાંસી, તા.૨ ।

ઉત્તર પ્રદેશના ઝાંસીમાં એક ફાયનાન્સ કંપનીના એરિયા મેનેજરે ગળેફાંસો લગાવીને આત્મહત્યા કરી લીધી છે. સ્થળ પરથી ૫ પાનાની સુસાઈડ નોટ મળી આવી હતી, જેમાં તેણે જણાવ્યું હતું કે છેલ્લા બે મહિનાથી અધિકારીઓ તેના પર રિકવરીનો ટાર્ગેટ પૂરો કરવા માટે દબાણ કરી રહ્યા હતા. જો તે પૂરો ન થાય તો પગાર કાપી નાખવાની ધમકી આપી હતી. જેનાથી કંટાળીને તેણે આ પગલું ભર્યું હતું. તેણે નોટમાં લખ્યું છે કે કામના દબાણમાં તે ૪૫ દિવસથી સારીરીતે ઊંઘ્યો નહતો. ૪૨ વર્ષીય તરુણ સક્સેના એક ફાયનાન્સ કંપનીમાં એરિયા મેનેજરના પદ પર હતો. તેને એક પુત્રી અને એક પુત્ર છે. તેના પિતા મેડિકલ કોલેજમાંથી નિવૃત્ત ક્લાર્ક છે. સવારે જ્યારે ઘરની નોકરાણી આવી તો તેણે તરુણની લાશને રૂમમાં લટકતી જોઈ હતી. તેના પત્ની અને બાળકો બીજા રૂમમાં હતા અને તેમનો રૂમ બહારથી બંધ હતો. નોકરાણીએ શોરબકોર કરી નજીકમાં રહેતા ભાઈને જાણ કરી હતી. તેમણે આવીને બીજા રૂમમાં બંધ મૃતકની પત્ની અને બાળકોને બહાર કાઢ્યા હતા. આ પછી પોલીસને જાણ કરવામાં આવી હતી.

### મોબાઈલ ડિલીવરી કરવા આવેલા શખ્સની હત્યા કરાઈ

। (એજન્સી) લખનૌ, તા.૨ ।

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક ૩૦ વર્ષીય ડિલિવરી બોયની કથિત રીતે હત્યા કરવામાં આવી હતી. ડિલિવરી બોય એક ગ્રાહકને આઈફોન ડિલિવરી કરવા ગયો હતો. ગ્રાહકે ડિલિવરી બોયની હત્યા કરી હતી જેથી તેને કેશ ઓન ડિલિવરીના ૧.૫ લાખ રૂપિયા ન ચૂકવવા પડે. એક પોલીસ અધિકારીએ સમાચાર એજન્સીને આ માહિતી આપી હતી. મળતી માહિતી મુજબ, હત્યા બાદ ડિલિવરી બોયના મૃતદેહને ઈન્દિરા કેનાલમાં ફેંકી દેવામાં આવ્યો હતો અને તેને શોધવા માટે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF) ની ટીમને બોલાવવામાં આવી હતી. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ શશાંક સિંઘે જણાવ્યું હતું કે, ચિનહટના ગજાનને ફ્લિપકાર્ટ પરથી આશરે ૧.૫ લાખ રૂપિયાની કિંમતનો આઈફોન મંગાવ્યો હતો અને COD (કેશ ઓન ડિલિવરી) પેમેન્ટનો વિકલ્પ પસંદ કર્યો હતો. ૨૩ સપ્ટેમ્બરે નિશાતગંજમાં રહેતો ડિલિવરી બોય ભરત સાહુ તેના ઘરે ફોનની ડિલિવરી કરવા ગયો હતો.

---

**સોશિયલ મીડિયા પર કરી જાહેરાત**

## બાબર આઝમે પાકિસ્તાન ક્રિકેટ ટીમના કેપ્ટન પદેથી આપ્યું રાજીનામું



। (એજન્સી) લાહોર, તા.૨ ।

બાબર આઝમે પાકિસ્તાન ક્રિકેટ ટીમના કેપ્ટનપદેથી રાજીનામું આપી દીધું છે. તેણે સોશિયલ મીડિયા પર પોતાના નિર્ણયની જાણકારી આપી છે. બાબરે કહ્યું કે કેપ્ટનશિપનો અનુભવ ખૂબ જ શાનદાર રહ્યો હતો. આ સાથે તેણે તેના ચાહકોનો આભાર માન્યો હતો. બાબરે કહ્યું કે તમારા અતૂટ સમર્થન અને મારામાં વિશ્વાસ બદલ હું તમારો આભારી છું, તમારો ઉત્સાહ મારા માટે ઘણો મહત્વનો છે. બાબર આઝમે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું હતું કે પ્રિય ફેન્સ, આજે હું તમારી સાથે એક સમાચાર શેર કરી રહ્યો છું કે ગયા મહિને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ અને ટીમ મેનેજમેન્ટને આપવામાં આવેલી માહિતી પછી મેં પાકિસ્તાન પુરૂષ ક્રિકેટ ટીમની કેપ્ટનશીપ માંથી રાજીનામું આપવાનો નિર્ણય કર્યો છે. આ ટીમનું નેતૃત્વ કરવું મારા માટે સન્માનની વાત છે, પરંતુ હવે સમય આવી ગયો છે કે હું પદ છોડીને મારી બેટ્સમેનની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરું. બાબરે કહ્યું કે કેપ્ટનશીપ એક લાભદાયી અનુભવ રહ્યો છે, પરંતુ તેનાથી કામનું ભારણ પણ વધ્યું છે. હું મારા પ્રદર્શનને પ્રાથમિકતા આપવા માંગુ છું. હું મારી બેટિંગનો આનંદ લેવા માંગુ છું અને મારા પરિવાર સાથે ક્વોલિટી ટાઈમ વિતાવવા માંગુ છું, જેનાથી હું ખુશ છું. બાબર આઝમે લખ્યું કે કેપ્ટનપદ છોડવાથી મને આગળ વધવાની સ્પષ્ટતા મળશે અને હું મારી રમત અને વ્યક્તિગત વિકાસ પર વધુ ધ્યાન આપી શકીશ. તેણે લખ્યું કે હું તમારા અતૂટ સમર્થન અને મારા પરના વિશ્વાસ માટે આભારી છું, તમારો ઉત્સાહ મારા માટે ઘણો મહત્વનો છે.

**ઈરાની ટ્રોફીમાં મુંબઈ માટે સદી ફટકારી**

## સરફરાઝ ખાને ૧૪૯ બોલમાં સદીનો આંકડો સ્પર્શ કર્યો



। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

સરફરાઝ ખાનને બાંગ્લાદેશ સામેની ટેસ્ટ શ્રેણીમાં તક મળી ન હતી, પરંતુ આ યુવા બેટ્સમેને ઈરાની ટ્રોફીમાં આ કાર્ય પૂર્ણ કર્યું. સરફરાઝ ખાને ઈરાની ટ્રોફીમાં રેસ્ટ ઓફ ઈન્ડિયા સામે મુંબઈ માટે ૧૪૯ બોલમાં સદીનો આંકડો સ્પર્શ કર્યો હતો. આ પછી સરફરાઝ ખાનનું સેલિબ્રેશન જોવા જેવું હતું. હેલ્મેટ ઉતાર્યા બાદ સરફરાઝ ખાને તેના ગળામાં પહેરેલા તાવીજને ચુંબન કર્યું. સાથે જ સદી પૂરી કર્યા બાદ સરફરાઝ ખાન ખુશીથી ઉછળી પડ્યો હતો. ક્રિકેટ ચાહકો સરફરાઝ ખાનના સેલિબ્રેશનને ખૂબ પસંદ કરી રહ્યા છે. સરફરાઝ ખાને ડોમેસ્ટિક ક્રિકેટમાં ઘણા રન બનાવ્યા છે. આ પછી સરફરાઝ ખાનને ટીમ ઈન્ડિયા માટે રમવાની તક મળી. સરફરાઝ ખાને અત્યાર સુધી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧૫ સદી ફટકારી છે. જ્યારે આ યુવા બેટ્સમેને ફર્સ્ટ ક્લાસ મેચોમાં ૫૧ વખત સદીનો આંકડો પાર કર્યો છે. તેમજ ૧૪ વખત પચાસ રન બનાવ્યા છે. હવે સરફરાઝ ખાને ઈરાની ટ્રોફીમાં રેસ્ટ ઓફ ઈન્ડિયા સામે મુંબઈ માટે જબરદસ્ત સદી ફટકારી છે. સરફરાઝ ખાનની સદી બાદ તેની સેલિબ્રેશન સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. આ સિવાય સોશિયલ મીડિયા યુઝર્સ સતત કોમેન્ટ કરીને પોતાનો પ્રતિભાવ આપી રહ્યા છે.

જ્યારે, જો આપણે ઈરાની ટ્રોફીમાં મુંબઈ વિ રેસ્ટ ઓફ ઈન્ડિયા મેચની વાત કરીએ તો સરફરાઝ ખાન સિવાય અજિંક્ય રહાણે અને શ્રેયસ અય્યરે જબરદસ્ત પ્રદર્શન કર્યું હતું. અલબત્ત, અજિંક્ય રહાણે તેની સદી ચૂકી ગયો, પરંતુ તેણે ૯૭ રનની શાનદાર ઈનિંગ રમી. આ સિવાય શ્રેયસ અય્યરે ૫૭ રનનું યોગદાન આપ્યું હતું.

---

**ઓર્ડર કર્યા વિના ઘરે પહોંચ્યા પાર્સલ**

## એમેઝોનના નામે કસ્ટમર્સ સાથે ફ્રોડ કરવામાં આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ એમેઝોનના નામે એક નવા પ્રકારની છેતરપિંડી થઈ રહી છે. ડિલિવરી કરનારા લોકો ડિલિવરી સાથે ગ્રાહકોના ઘરે પહોંચી રહ્યા છે જેનો ગ્રાહકે ઓર્ડર આપ્યો ન હતો. જ્યારે આ ડિલિવરી બોય લોકોના ઘરે પહોંચે છે, ત્યારે તેઓ કહે છે કે ઓર્ડર કેસ ઓન ડિલિવરી છે. આવી સ્થિતિમાં, જો ઘરે હાજર લોકોને જાણ ન હોય, તો તેઓ એવું વિચારીને પેમેન્ટ કરે છે કે કોઈ પરિચિત વ્યક્તિએ તેમના માટે ઓર્ડર આપ્યો હશે. પરંતુ જ્યારે આ પાર્સલ ખોલવામાં આવે છે, ત્યારે તેની અંદર કંઈક સસ્તું જોવા મળે છે, જ્યારે ગ્રાહકોએ તેના માટે વધુ ચૂકવણી કરી હતી. તાજેતરનો કેસ નોઈડાના સેક્ટર ૮૨ સ્થિત ઉદ્યોગ વિહાર (LIG) સોસાયટીનો છે. એક ડિલિવરી બોય ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ બપોરે ૩.૧૦ વાગ્યે અહીં એક ફ્લેટ પહોંચ્યો. આ વ્યક્તિએ ફ્લેટમાં હાજર મહિલાઓને કહ્યું કે તમારું પાર્સલ એમેઝોનથી આવ્યું છે. આ પાર્સલ પર ફ્લેટમાં રહેતી વ્યક્તિનું નામ અને સરનામું બરાબર લખેલું હતું. પરંતુ પાર્સલ પર લખેલી વિગતોમાં મોકલનારના નામ સિવાય અન્ય કોઈ માહિતી નહોતી. ડિલિવરી બોયએ કહ્યું કે આ પાર્સલ કેશ ઓન ડિલિવરી છે, એટલે કે તમારે તેની કિંમત ચૂકવવી પડશે. ફ્લેટમાં હાજર મહિલાઓને લાગ્યું કે પરિવારના કોઈ સભ્યએ કંઈક ઓર્ડર કર્યો હશે. તેથી, આ મહિલાઓએ ડિલિવરી બોયને પાર્સલનું પેમેન્ટ ચૂકવ્યું અને તેની પાસેથી પાર્સલ લીધું. સાંજે જ્યારે પરિવારના વડા ઘરે આવ્યા ત્યારે તેને જાણવા મળ્યું કે તેમણે કંઈપણ મંગાવ્યું નથી. જ્યારે પાર્સલ ખોલવામાં આવ્યું ત્યારે તેમાં માંડ ૫૦ થી ૧૦૦ રૂપિયાની કિંમતની વસ્તુઓ હતી, જ્યારે તેની કિંમત ૬૯૯ રૂપિયા વસૂલવામાં આવી હતી. જ્યારે પીડિત પરિવારે એમેઝોનના કસ્ટમર કેરનો સંપર્ક કર્યો ત્યારે તેઓ પણ પાર્સલ મોકલનારની વિગતો મેળવી શક્યા ન હતા અને ફરિયાદ નોંધાવ્યા બાદ તેઓએ કહ્યું કે તમને ૨ દિવસમાં આ બાબતે અપડેટ મળી જશે. આ વાતને ૨૪ કલાક પણ વીત્યા ન હતા ત્યારે ૧ ઓક્ટોબરે ફરી એકવાર ડિલિવરી બોય સાંજે ૫.૧૫ વાગ્યે એ જ ફ્લેટ પર પહોંચ્યો અને કહ્યું કે તમારું પાર્સલ આવી ગયું છે, પરંતુ તે કેશ ઓન ડિલિવરી છે. આ એ જ ડિલિવરી બોય હતો જેણે એક દિવસ અગાઉ આવી જ રીતે ગ્રાહક પાસેથી પેમેન્ટ લીધું હતું. પરંતુ ૧ ઓક્ટોબરે પરિવારના વડા ઘરે હાજર હતા તેમણે ડિલિવરી બોયની પૂછપરછ શરૂ કરી હતી. આવી સ્થિતિમાં, ડિલિવરી બોય ગભરાઈ ગયો અને કહ્યું કે જો આ તમારું પાર્સલ નથી તો હું તેને કેન્સલ કરીશ અને હવેથી તમને પાર્સલ નહીં મળે. આ સમય દરમિયાન, ડિલિવરી બોયએ પણ ફોન પર કોઈની સાથે વાત કરી અને તેને કહ્યું કે ગ્રાહક જાગૃત છે, તેને ભવિષ્યમાં કોઈ સમસ્યાનો સામનો કરવો ન પડે. ગ્રાહકને ડિલિવરી બોયની વાત પર શંકા જતાં તેણે ડિલિવરી બોયની બાઈકનો ફોટો લીધો. પરંતુ ડિલિવરી બોયની બાઈકની નંબર પ્લેટ અડધી તૂટેલી જોઈને ગ્રાહક દંગ રહી ગયો હતો, જેના કારણે તેનો પત્તો લાગવો અશક્ય હતો. તમામ શંકાસ્પદ બાબતો સામે આવ્યા બાદ જ્યારે ડિલિવરી બોય ત્યાંથી ચાલ્યો ગયો ત્યારે ગ્રાહકે એમેઝોનની હેલ્પલાઈન પર ફોન કરીને સમગ્ર મામલો જણાવ્યો. જે બાદ અમેઝોને ફરિયાદ નોંધાવી અને ગ્રાહકને જણાવ્યું કે તેની સાથે છેતરપિંડી થઈ છે. હકીકતમાં, એક દિવસ પહેલા વિતરિત પેકેટના 'બાર કોડ' પરથી, એમેઝોનના ગ્રાહક સંભાળ અધિકારીએ છેતરપિંડીની પુષ્ટિ કરી.

---

**મહિલાને ચીફ જસ્ટિસે સલાહ આપી કે તે સમાધાન કરી છૂટાછેડા લઈ લે**

## તમે બંને વર્ષો સુધી લડતા રહેશો અને વકીલો ખુશ થતા રહેશેઃ CJI

**સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ ઘણીવાર રસપ્રદ ટિપ્પણીઓ કરી દેતા હોય છે**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ ઘણીવાર રસપ્રદ ટિપ્પણીઓ કરી દેતા હોય છે. સોમવારે પણ સુનાવણી દરમિયાન તેમણે આવું જ કંઈક કર્યુ હતું. છૂટાછેડાના કેસની સુનાવણી દરમિયાન CJIએ મહિલાને અનોખી સલાહ આપી હતી. CJIએ કહ્યું હતું કે તમે ૧૦ વર્ષ સુધી કેસ લડતા રહેશો. શક્ય છે કે કેસ દસ વર્ષ પછી પણ ચાલશે અને વકીલો ખુશ થતાં રહેશે. મહિલાને સલાહ આપતાં તેમણે કહ્યું હતું કે તમે બંને સમાધાન કરીને છૂટાછેડા લઈ લો તો સારું રહેશે. ચીફ જસ્ટિસે મહિલાને પૂછ્યું, તમારી લાયકાત શું છે? તેના પર મહિલાએ જણાવ્યું કે તે M.Tech છે અને અમેરિકાથી PhD કરી છે. તેના પર ચીફ જસ્ટિસે પૂછ્યું કે તમે ક્યાં કામ કરો છો? જવાબમાં મહિલાએ કહ્યું કે તે કામ કરતી નથી. આના પર સીજેઆઈએ કહ્યું કે તમે આટલા ભણેલા છો તો કોઈ કામ કરી લો. CJIએ કહ્યું કે તમારા બંને માટે પરસ્પર સમજૂતીના આધારે છૂટાછેડા લેવાનું સારું રહેશે. તેમણે કહ્યું કે જો કેસ આગળ ચાલશે તો ફોજદારી ફરિયાદો અને અન્ય બાબતો થશે. જો તમે પરસ્પર સમાધાન કરી લેતા હોવ તો અમે આ કેસ બંધ કરી શકીએ છીએ. જો તમે લોકો અશિક્ષિત હોત તો મામલો અલગ હતો. પરંતુ જો તમે એટલા લાયક છો તો તમે સરળતાથી નોકરી મેળવી શકો છો.

---

## દિલ્હીમાં પ્રવેશતા સોનમ વાંગચુક સહિત ૧૩૦ની પોલીસે કરી ધરપકડ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુક ૭૦૦ કિમી લાંબી દિલ્હી ચલો પદયાત્રા પૂર્ણ કરવા માટે દિલ્હીમાં પ્રવેશવા જઈ જ રહ્યા હતા કે તુરંત જ દિલ્હી પોલીસે તેમની ધરપકડ કરી લીધી હતી. વાંગચુકની સાથે અન્ય ૧૩૦ લોકોની પણ પોલીસે ધરપકડ કરીને દિલ્હીમાં પ્રવેશતા અટકાવી દીધા હતા. આ તમામ લોકો લદ્દાખથી દિલ્હી પહોંચ્યા હતા. આ ધરપકડને લઈને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ટ્વીટ કરીને કહ્યું હતું કે સોનમ વાંગચુકજી પર્યાવરણ અને બંધારણીય અધિકારો માટે શાંતિપૂર્વક માર્ચ કરી રહ્યા હતા તેમની અને અનેક લદ્દાખવાસીઓની ધરપકડ સ્વીકાર્ય નથી. લદ્દાખના ભવિષ્ય માટે અવાજ ઉઠાવનારા વડીલોની દિલ્હીની સરહદે કેમ ધરપકડ કરવામાં આવી? મોદીજી ખેડૂતોની જેમ આ ચંક્વ્યૂહ પણ ટુટશે અને તમારો અહંકાર પણ ટુટશે. તમારે લદ્દાખનો અવાજ સાંભળવો પડશે. સોનમ વાંગચુક ૧૩૦ લોકોની સાથે દિલ્હી તરફ કુચ કરી રહ્યા હતા, આ દરમિયાન દિલ્હીની સિંઘુ બોર્ડર પરથી જ તેમની અને અન્ય તમામ લદ્દાખવાસી માર્ચકર્તાઓની ધરપકડ કરી લેવામાં આવી હતી. આ તમામ લોકો ૭૦૦ કિમી પગપાળા ચાલીને દિલ્હી પહોંચ્યા હતા. ધરપકડ કરાયેલા તમામ લોકોને અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં લઈ જવામાં આવ્યા છે. વાંગચુકે ધરપકડ પહેલા એક ટ્વીટ કરતા કહ્યું હતું કે મારી અને મારા ૧૩૦ સાથીઓની અટકાયત કરાઈ રહી છે, પોલીસે અમારી સામે કાર્યવાહી માટે ૧૦૦૦ જેટલા જવાનોને ખડકી દીધા છે. અમારી સાથે વૃદ્ધો અને મહિલાઓ પણ છે. જેમની ઉંમર ૮૦ વર્ષની આસપાસ છે. અમે શાંતિપૂર્વક બાપુની સમાધી સુધી જવા માગતા હતા. વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં આવુ થયું, હે રામ. સોનમ વાંગચુક અગાઉ લદ્દાખને રાજ્યનો દરજ્જો આપવા સહિતની વિવિધ માગણીઓ સાથે અનેક દિવસના ઉપવાસ કરી ચુક્યા છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા આયોજિત
વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ 2024માં આપ સૌનું હાર્દિક સ્વાગત છે



ચાલો ઉજવીએ, વિશ્વનો સૌથી લાંબો અને
ગુજરાતનો સૌથી ભવ્ય ગરબા મહોત્સવ

-: ઉદ્‌ઘાટન :-
શ્રી અમિતભાઈ શાહ
કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીના વરદ્‌હસ્તે

-: વિશેષ ઉપસ્થિતિ :-
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

3 ઑક્ટોબર, 2024 સાંજે 8:00 વાગ્યાથી
ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ, હેલ્મેટ ચાર રસ્તા પાસે, અમદાવાદ

Vibrant Navratri Festival 2024
3rd to 11th OCTOBER | GUJARAT UNIVERSITY GROUND, AHMEDABAD

unesco
INTANGIBLE CULTURAL HERITAGE

કાર્યક્રમ

ઉદ્‌ઘાટન સમારોહ
3 ઑક્ટોબર, 2024, "જય મા આદ્યશક્તિ"ની થીમ પર
મલ્ટિમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહાઆરતી

શેરી ગરબા
4 થી 11 ઑક્ટોબર, 2024, રાત્રે 09.00 થી 11:45 વાગ્યા સુધી (પરંપરાગત પહેરવેશ ફરજિયાત)
જાણીતા કલાકારો દ્વારા મુખ્ય મંચ પર પ્રસ્તુતિ

મહાઆરતી
4 થી 11 ઑક્ટોબર, 2024,
રાત્રે 11:45 વાગે

અન્ય મુખ્ય આકર્ષણો
3 થી 11 ઑક્ટોબર, 2024, સાંજે 05:00 થી રાત્રીના 12:00 વાગ્યા સુધી
થીમ પેવેલિયન | હસ્તકલા બજાર | ફૂડ સ્ટૉલ | બાલ નગરી | થીમેટિક ગેટ્સ | વિવિધ ઇન્સ્ટૉલેશન

Gujarat Tourism

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ
ઉદ્યોગ ભવન, બ્લોક નંબર 16, ચોથો માળ, સેક્ટર-11, ગાંધીનગર - 382 010
ટોલ ફ્રી નંબર: 1800 203 1111 | વેબસાઇટ: www.gujarattourism.com

વધુ વિગતો માટે
QR સ્કેન કરો

(જાહેર જનતા માટે નિઃશુલ્ક પ્રવેશ)